ૐ
મા
ૐ




ૐ
મા
ૐ

# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદિવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ૐ ।।

(વર્ષ ૨૯) એપ્રિલ - ૨૦૦૭ (અંક ૧)

|| ૐ મા ૐ ||　　　|| જય ગાયત્રી મા ||　　　|| ૐ મા ૐ ||

વર્ષ : ૨૬
અંક : ૧

# આધ્યાત્મિક કેડી

એપ્રિલ
૨૦૦૭

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦૦૧૫.



વાર્ષિક લવાજમ
રૂપિયા વીસ (૨૦/-)

પ્રકાશક
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૧૫.

visit us at :
www.rajyoginarendraji.com

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | નિર્મળ જીવન વ્યવહારથી જ શિવ-જીવનું સાયુજ્ય સાધી શકાય. | ૧ |
| ૨. | ભગવાન શંકર વિષે પુરાણોક્ત માહિતી | ૩ |
| ૩. | ઉપાસનાના આધાર સ્થંભો | ૫ |
| ૪. | ઉપાસના દિનની ઉજવણી - ૨૦૦૬ | ૭ |
| ૫. | માતાજીની પ્રત્યક્ષ ચેતવણી અને સ્વપ્નાનું ભૂતિ "દુષ્ટજનોથી દૂર રહેવું" | ૧૨ |
| ૬. | શ્રધ્ધા કુટીરમાં હાસ્યકવિ સંમેલન | ૧૪ |
| ૭. | મસ્તીયજ્ઞ પાલનપુર-વાંકા સવાલ સીધા જવાબ | ૧૮ |
| ૮. | વિચાર આચારથી જ દીપે છે - રામનવમી | ૨૧ |
| ૯. | રાજવાણી (પૂ. રાજયોગી નરેન્દ્રજી) | ૨૩ |
| | ૧. સંતોષનું સામ્રાજ્ય પ્રસ્થાપિત કરીએ. | ૨૩ |
| | ૨. અર્પણનું તર્પણ. | ૨૩ |
| | ૩. બધાનું સન્માન કરો. | ૨૪ |
| | ૪. પરમાત્માના પ્રદેશમાં જ વિહરવાનું પસંદ કરો. | ૨૫ |
| | ૫. ઘર એ મૂંગી શાળા છે. | ૨૬ |
| | ૬. સંકલ્પ શક્તિ. | ૨૭ |
| | ૭. લક્ષ્મીજીની પ્રસન્નતા. | ૨૭ |
| | ૮. સમયની પરખ. | ૨૯ |
| | ૯. સત્તામાં સંસ્કારિતા છુપાયેલી છે. | ૩૦ |
| | ૧૦. જીવનને રસિક બનાવો. | ૩૧ |
| | ૧૧. ઉદારતાનો ભાવ કેળવીએ. | ૩૨ |
| | ૧૨. વાડ વગર વેલો ચડતો નથી. | ટાઈટલ-૩ |
| ૧૦. | સમાચાર અને વિદેશનો કાર્યયજ્ઞ | ટાઈટલ-૪ |


|| ૐ મા ૐ ||

અર્ધ વાર્ષિક અંક એપ્રિલ અને ઓક્ટોબર

## (૧) નિર્મળ જીવન વ્યવહારથી જ શિવ-જીવનું સાયુજ્ય સાધી શકાય.

*પૂ. રાજયોગી નરેન્દ્રજી* *તા. ૧૬-૨-૨૦૦૭*

વ્હાલા બાળકો,

આજે શિવભક્તિનું પૂર શિવભક્તોમાં ઉમટશે, શિવાલયો માનવ મહેરામણથી ઉભરાઈ જશે. ૐ નમઃ શિવાયના મંત્રોચ્ચારથી સમગ્ર વાતાવરણ આંદોલિત થઈ રહેશે. શિવપૂજા, અર્ચના, રૂદ્રીપાઠ, મંત્રજાપ વગેરે વિવિધ રીતે અને વિવિધ ઉપકરણોથી પોતાની ભાવગંગા વહાવીને શિવભક્તો આજે સંતૃપ્તિ અનુભવશે.

આ ભાવગંગાનું વહેણ અવિરત વહેતું રહે અને શિવસાગરનો સંસ્પર્શ સદાય અનુભવાતો રહે તેવું જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ. જીવનમાં વ્યાપેલા કે ઉમટતા અજ્ઞાનરૂપી અંધકારને જ્ઞાનના પ્રકાશથી વિદારવાનો અને જીવને શિવત્ત્વમાં પરિવર્તિત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. નિર્મળ જીવન વ્યવહારથી જ જીવ શિવનું સાયુજ્ય સાધી શકાય.

આજે લોકો ભગવાનને મનના ભ્રમની ભૂમિકા ઉપર ભજે છે. શું આવા ભ્રમથી શિવત્ત્વનો સાચો પ્રસાર માનવમનમાં થતો હશે? આજે માનવમનમાં સાચી અનન્ય શ્રધ્ધાની ઊણપ વર્તાય છે. લોકો પરમાત્માના પ્રતિબિંબને પૂજે છે. પરમાત્માનું ચૈતન્યતત્વ તો અજ્ઞાન અને અંધશ્રધ્ધાના વાદળાં પાછળ અદ્રષ્ય જ રહે છે.

સાંપ્રત સમયમાં ધર્મના નામે સાંકડી સાંપ્રદાયિક વાડાબંધીમાં આપણે આપણી શ્રધ્ધાના નીરને વહાવી રહ્યાં છીએ. સંપ્રદાયોની સાંકડી ગલીઓમાં જ આપણે ઘૂમી રહ્યાં છીએ. ધર્મના એક જ રાજમાર્ગ પર ચાલવાનું જ્યારે આપણે વિચારીશું અને અમલમાં મૂકીશું ત્યારે જ આપણે આધ્યાત્મિકતાના વિશાળ ફલકને માણી શકીશું.

આપણે આપણી જાતને જગાડવાની છે. સંપ્રદાયની સાંકડી શેરીમાંથી ધર્મના-માનવધર્મના રાજમાર્ગ પર ચાલવાની શરૂઆત કરવાની છે, અને આગળ વધવાનું છે. આપણે જાગીશું તો જ જગતને જગાડી શકાશે. આપણા જીવનનો હેતુ શું છે તે આપણે સમજવાનું છે, અને અપનાવવાનું છે. સત્યમ્ શિવમ્ સુંદરમ્‌થી સભર સાત્ત્વિક જીવન જીવવાનું છે અને તે સંદેશો આપણા વાણી, વર્તન અને વ્યવહાર દ્વારા લોકો સુધી પહોંચાડવાનો છે.

દરેક વ્યકિતના જીવનમાં દોષો તો રહેવાનાજ છે; પરતું આપણે આપણા સદ્‌ગુણો ઉપર જ મનને કેન્દ્રિત કરવાનું છે. સદ્‌ગુણોના વિકાસ માટે, તેમાં અભિવૃધ્ધિ કરવા માટે સતત પ્રયત્ન કરતા રહેવાનું છે. દોષો, દુર્વૃતિઓ આપોઆપ હળવા થશે.

નીકળવા લાગશે.

જો ભૂતકાળમાં આપણે કોઈ મોટો દોષ કે ગુનો કર્યો હોય તો તેને યાદ કરીને, મનથી કોચવાઈને વર્તમાનને કલુષિત કરવાની જરૂર નથી. પશ્ચાતાપના વારિથી દોષોને, ગુનાઓને ધોઈ નાખો. પાપના તાપથી દાઝયા કરવાની કે ગમગીન રહેવાની જરૂર નથી. સત્સંગની ભાગીરથીમાં દરરોજ સ્નાન કરી સદ્ગુણોનો વિકાસ કરવામાં જ જીવનનું શ્રેય છે,

આપણી ઉપાસનાના માર્ગને અવરોધતા અંધકારરરૂપી આળસ, નિંદ્રા કુટેવો, સાંસારિક વ્યવહારો, વ્યાવસાયિક ફરજોને ઓળખી લઈ તેને નિયંત્રણમાં રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. ઉપાસનામાં નિયમને, શિસ્તને વિદારવામાં, હટાવવામાં મદદ કરશે.

આપણે આપણા જીવનનું કેન્દ્રબિંદુ નક્કી કરીને પૂર્ણ વર્તુળ દોરવાનો પુરુષાર્થ કરવો જોઈએ. કોઈપણ પરિસ્થિતિમાં જીવનનો સાત્વિક વિકાસ કરવાનો દ્રઢ સંકલ્પ કરવો જોઈએ.

દરરોજ નિયમિતપણે મનના માનસસરોવરમાં સ્નાન કરી, શુધ્ધ ભાવે સાત્વિકતાથી સભર, સમગ્ર અસ્તિત્વથી હ્રદયસિંહાસન પર વિરાજીત શિવ પરમાત્માના દર્શન કરવા જોઈએ. દરરોજ શિવરાત્રી ઉત્સવ મનાવવો જોઈએ. જીવનયાત્રા દરમિયાન જીવ અને શિવનું સામંજસ્ય સદાય બની રહે, અદ્વૈતભાવ કેળવાયેલો રહે તેવા સાત્વિક, સત્સંગી વાતાવરણમાં રહેવાનો જ આગ્રહ રાખવો જોઈએ.

**મારા આપ સર્વેને આશીર્વાદ છે.**

**ૐમાૐ**

## પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો આદેશ

વ્હાલા બાળકો,

ગુરુપૂર્ણિમાના પાવન દિવસે પ્રથમ આપના માતાપિતાનું પૂજન કરી આશીર્વાદ મેળવીને પછી જ પૂજ્ય ગુરુદેવના દર્શન કરવા માટે આવજો સ્વર્ગસ્થ માતા-પિતા હોય તો તેમની પ્રતિમાને વંદન કરી આશીર્વાદની પ્રાર્થના કરજો.

## (૨) ભગવાન શિવજી-શંકર વિષે પુરાણોક્ત માહિતી

(૧) ભગવાન શંકરના સાસુનું નામ શું ? - મેના
(૨) ભગવાન શંકરના સસરાનું નામ શું ? - હિમાલય
(૩) શંકર પાર્વતીના લગ્ન કરાવનાર પુરોહિતોના નામ શું છે ? - ગર્ગાચાર્ય - બ્રહ્માજી
(૪) શંકર તરફથી પાર્વતીના હાથની માંગણી કરવા કોણ ગયું હતું ? - સપ્તર્ષિ ઋષિઓ
(૫) શંકર પાર્વતીના વિવાહમંડપની રચના કોણે કરી હતી ? - વિશ્વકર્માએ
(૬) શંકરે તાંડવ નૃત્ય ક્યારે કર્યું હતું ? - મહાકાલી સ્વરૂપ પાર્વતીને રીઝવવાના હતાં ત્યારે
(૭) શંકરના પુત્રોનાં નામ જણાવો ? - કાર્તિકેય અને ગણપતિ
(૮) કાર્તિકેયને ષડાનન્ કેમ કહે છે ? - છ મુખ હતાં માટે
(૯) ગણપતિને ગજાનન્ કેમ કહે છે ? - ગજ-હાથીનું મુખ હતું માટે.
(૧૦) તારકાસુર રાક્ષસનો નાશ કોણે કર્યો ? - કાર્તિકેયે.
(૧૧) ગણપતિના લગ્ન કોની સાથે થયાં હતાં ? - રિધ્ધિ-સિધ્ધિ (સિધ્ધ-બુધ્ધિ)
(૧૨) ગણપતિના પુત્રોનાં નામ જણાવો . - શુભ (ક્ષેમ) અને લાભ
(૧૩) શંકરને ત્રિપુરારિ કેમ કહે છે ? - શંકરે ત્રણ પુર-નગરનો નાશ કર્યો હતો માટે.
(૧૪) શંકરને "નીલકંઠ" કેમ કહે છે ? - વિષપાન કરવાથી ગળુ નીલરંગનું થયું હતું માટે.
(૧૫) શંકરને "ગંગાધર" કેમ કહે છે ? - શંકરે ગંગાજીને ધારણ કરી છે માટે.
(૧૬) ડમરૂ ધ્વનિમાંથી શિવસૂત્રો મેળવનાર ઋષિનું નામ જણાવો ? - પાણિનિઋષિ.
(૧૭) શક્તિપીઠો કેટલાં છે ? - એકાવન
(૧૮) જ્યોતિર્લિંગો કેટલાં છે ? - બાર
(૧૯) શક્તિપીઠોની રચના કેવી રીતે થઈ ? - સતીના મૃતદેહને લઈને તાંડવનૃત્ય કરતા શંકરને શાંત પાડવા ભગવાન વિષ્ણુએ સુદર્શન ચક્રથી સતીના દેહના ટુકડા કર્યા તે ટુકડા જ્યાં જ્યાં પડ્યા ત્યાં ત્યાં શક્તિ પીઠોની સ્થાપના થઈ.
(૨૦) કોઈપણ એક શક્તિપીઠનું નામ આપો ? - અંબાજી
(૨૧) દક્ષ પ્રજાપતિની પુત્રનું નામ શું ? - સતી.
(૨૨) શંકર-પાર્વતીના નૃત્યો કયા નામથી ઓળખાય છે ? - તાંડવ અને લાસ્ય

(૨૩) કાર્તિકેયને ઉછેરીને કોણે મોટા કર્યા હતાં ?- છ કૃતિકાઓએ.
(૨૪) ભગવાન શંકરને "ચંદ્રમૌલિ" કેમ કહે છે ? - ચંદ્ર મુગટ તરીકે શોભી રહ્યો છે માટે.
(૨૫) ભગવાન શિવના વાહનનું નામ જણાવો ? - નંદી.
(૨૬) દેવી પાર્વતીના વાહનનું નામ જણાવો ? - સિંહ
(૨૭) કાર્તિકેયના વાહનનું નામ જણાવો ? - મોર
(૨૮) ગણપતિના વાહનનું નામ જમાવો ? - મૂષક-ઉંદર
(૨૯) શંકરને "પશુપતિ" કેમ કહે છે ? - પશુનું-પ્રાણીમાત્રનું પાલન-પોષણ કરે છે માટે.
(૩૦) શિવ-શંકર જેવો પતિ પ્રાપ્ત કરવા માટે બહેનો - સ્ત્રીઓ કયું વ્રત કરે છે ? - જયા-પાર્વતી (ગૌરીવ્રત)
(૩૧) પાર્વતીનું ના ઉમા કેમ પડ્યું ? - દીકરીની આકરી તપશ્ચર્યા જોઈને તેની માતા મેનકાના મુખમાંથી ચીસ પડી ગઈ કે "ઉ.....મા" (અરે....ના) ત્યારથી પાર્વતીનું નામ ઉમા પડ્યું.
(૩૨) પાર્વતીને "અપર્ણા" કેમ કહે છે ? - તપશ્ચર્યા દરમિયાન પાર્વતીજીએ છેલ્લે છેલ્લે વૃક્ષોના પર્ણો પણ ખાવાનું બંધ કરી દીધું હતું માટે. અપર્ણા કહેવાયાં.
(૩૩) શિવજીનું પ્રિય પીણું કયું છે ? - વિજ્યા-ભાંગ
(૩૪) શિવજીને કયું પુષ્પ ચઢાવવામાં આવે છે ? - ધંતુરાનું.
(૩૫) શિવજીના ધનુષ્યનું નામ શું ? - પિનાક
(૩૬) શિવરાત્રી કયા માસની કઈ તિથિએ આવે છે ?- મહા વદ-ચૌદશના દિવસે
(૩૭) ભગવાન શંકરને "સ્મરારિ" કેમ કહે છે ? - સ્મર એટલે કામદેવ કામદેવને બાળી નાખનાર. કામદેવના શત્રુ શંકર હતા માટે.
(૩૮) ભગવાન શંકરને "વૈશ્વાનલ લોચન" કેમ કહે છે ? - "વૈશ્વાનલ" અગ્નિ તેમની ત્રીજી આંખમાં રહેલો છે માટે.
(૩૯) ભગવાન શંકર "અંગરાગ" તરીકે કઈ વસ્તુનો ઉપયોગ કરે છે ? - ભસ્મ
(૪૦) શિવજી પોતાની પાસે કાયમ કઈ કઈ વસ્તુઓ- સામગ્રી રાખે છે ? - મહાન નંદી, ખાટલાની ઈસ, પરશુ, વ્યાઘ્રચર્મ કે મૃગચર્મ, ભસ્મ, સર્પ, ખોપરીનું ખપ્પર, ત્રિશૂલ, ડમરૂ, ચન્દ્ર, ગંગા વગેરે.
(૪૧) શિવજીની આઠ મૂર્તિઓ-આઠ સ્વરૂપો જણાવો ? - ભવ, શર્વ, રુદ્ર, પશુપતિ, ઉગ્ર, મહાદેવ, ભીમ, ઈશાન. અથવા પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર અને હોતા.

## (૩) ઉપાસનાના આધાર સ્થંભો

તા. ૯-૧૨-૨૦૦૬

***વ્હાલા ઉપાસક ભાઈ-બ્હેનો,***

આજે ઉપાસના દિન છે. માતાજીએ શ્રદ્ધામાં નિવાસ કર્યાને સત્તર વર્ષ પૂરાં થયાં. માતાજીના સલાહ, સૂચન માર્ગદર્શન અને કૃપા આશિષથી ‘શ્રદ્ધા’નો સર્વાંગી વિકાસ થતો રહ્યો છે. શ્રદ્ધાથી સભર અને શ્રદ્ધા લઈને, શ્રદ્ધામાં આવનાર શ્રદ્ધાળુને માતાજીની કૃપા આશિષની અનુભૂતિ થતી જ રહી છે.

પરમાત્મા તો સર્વવ્યાપક, સર્વત્ર અને સર્વદા હાજર છે. અણુએ અણુમાં અને કણકણમાં તેનો વાસ છે. પરમાત્મા સ્વયમ્, સત્, ચિત્, આનંદ સ્વરૂપ છે; આવું વેદવાક્ય હોવા છતાં આપણને પરમાત્માની ઉપસ્થિતિનો અનુભવ કેમ થતો નથી ? પરમાત્માના પ્યારા સંતો, મહાન આત્માઓને પરમાત્માનો પોતાના ઈષ્ટદેવના સ્વરૂપમાં પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવ થાય છે અને થતો રહે છે તો આવો ભેદભાવ શા માટે ? આવો પ્રશ્ન સામાન્ય માણસને થાય છે !

જુઓ, પરમાત્માના પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવ કરવાનો અધિકાર પરમાત્માના પ્રત્યેક બાળકનો છે જ, ફક્ત બાળકે પાત્રતા કેળવવાની જરૂર છે, પરમાત્માને ઓળખવાની, સમજવાની અને સ્વીકારવાની ક્ષમતા કેળવવાની જરૂર છે.

પાત્રતા, ક્ષમતા કેવી રીતે કેળવી શકાય ?

પાત્રતા, ક્ષમતા કેળવવાની રીત બહુ સરળ છે. જરા થોડો પુરુષાર્થ કરવો પડશે.

દરેક વ્યક્તિમાં પરમાત્માની અનુભૂતિ કરવાના મુખ્ય ત્રણ આધાર સ્થંભો - માધ્યમો છે.

૧. આપણું શરીર
૨. આપણું મન
૩. આપણી બુદ્ધિ

આ ત્રણે માધ્યમોની પવિત્રતા, સાત્ત્વિકતા, શુદ્ધતા અને સ્વસ્થતાની આવશ્યકતા છે. આપણે દરરોજ અરીસાનો ઉપયોગ કરીએ છીએ. જો અરીસો અસ્વચ્છ, ગંદો કે ધૂંધળો હોય તો આપણું પ્રતિબિંબ બરાબર દેખી શકાતું નથી. અરીસો સાફ કરીએ તો જ પ્રતિબિંબ સ્પષ્ટ દેખી શકાય.

આપણો ભીતરનો અરીસો, આપણી ઉપાસનાના માધ્યમો શરીર, મન અને બુદ્ધિ ઉપર માયાવી આવરણો વીંટળાઈ ગયાં છે. જન્મજન્માંતરના કર્મબંધનથી સૂક્ષ્મ શરીર-(મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) ધૂંધળું બની ગયું છે, તેથી આત્માના ઉજાસને, પ્રકાશને અનુભવી શકાતો નથી, પરમાત્માનું દર્શન થઈ શકતું નથી. જ્યાં સુધી મનોબળ મજબૂત નથી, ઈન્દ્રિયો અનિયંત્રિત છે, ચિત્ત ચંચળ છે, અપવિત્ર છે, બુદ્ધિ બુઠ્ઠી અને કપટી છે,

શરીર અસ્વસ્થ અને રોગગ્રસ્ત છે, આહાર, વિહાર, આચાર વિચારથી શરીર અશુદ્ધ બની ગયું છે ત્યાં સુધી પરમાત્માની ઉપસ્થિતિની અનુભૂતિ કરવાની ક્ષમતા કે પાત્રતા કેળવી શકાતી નથી.

શરીર, મન અને બુદ્ધિ આ ત્રણ સ્થંભોને સ્વસ્થ પવિત્ર અને ક્ષમતાયુક્ત કરવાં હોય તો આપણે શું કરવું જોઈએ ?

(૧) **શરીર ને સ્વસ્થ** અને શુદ્ધ કરવા માટે તેને તપથી તપાવવું પડે. દેહદમન નહિં પરંતુ આહાર વિહારમાં શુદ્ધતા, સમતોલપણું અને સાત્ત્વિકતા લાવવી પડે. શરીરને માયાના પ્રલોભનોમાંથી સત્સંગમાં, સંત સમાગમમાં, પ્રભુદર્શનમાં, સેવામાં પ્રવૃત્ત કરવું જોઈએ. નિરોગી શરીરને જ તપથી, સંયમથી, સ્વાધ્યાયથી તપાવી શકાય.

(૨) **મનને સ્વસ્થ** અને પવિત્ર કરવા માટે તેને મંત્રજાપ અને નામસ્મરણના વારિથી સતત સ્નાન કરાવતાં રહેવું જોઈએ. મનને સ્વાધ્યાય, સત્સંગ અને ભક્તિમાં જ પ્રવૃત્ત રાખવું જોઈએ. ધ્યાન અને પ્રાર્થના દ્વારા મનનું મનોબળ વધારવું જોઈએ. મન મજબૂત હશે તો ઈન્દ્રિયોના વ્યાપારો, પ્રલોભનો અટકી જશે, નિયંત્રણમાં આવી જશે. મન પર વ્યાપી ગયેલું જન્મજન્માંતરનું માયાનું આવરણ દૂરી કરી શકાશે. પરમના ચિંતન માત્રથી ચિત્તની શુદ્ધિ કરી શકાશે. શિસ્ત, સંયમ અને સત્સંગથી મનને સજાવવાનો પુરુષાર્થ કરતાં રહેવું જોઈએ.

(૩) **બુદ્ધિની શુદ્ધિ** માટે સ્વાધ્યાય, સદ્‌વાંચન, સત્સંગ અને સર્જનાત્મક પ્રવૃત્તિમાં જ બુદ્ધિને પ્રવૃત્ત રાખવી જોઈએ. પરમની સૃષ્ટિના સર્જન અને સંવર્ધનમાં જ બુદ્ધિને જોતરવી જોઈએ. બુદ્ધિના સાત્ત્વિક વિકાસ માટે સાત્ત્વિક વાતાવરણમાં જ રહેવાનો આગ્રહ રાખવો જોઈએ જેથી સર્જનાત્મક, સેવાભાવી કાર્યોમાં, રચનાત્મક કાર્યોમાં બુદ્ધિની શુદ્ધિ કરી શકાય, બુદ્ધિનો ઉપયોગ કરી શકાય.

ઉપાસનાના આપણા આ ત્રણ આધાર સ્થંભો શરીર, મન અને બુદ્ધિની ક્ષમતા અને પાત્રતા કેળવાઈ જશે અથવા કેળવાતાં જશે તેમ આપણી ઉપાસના વધુ પ્રગાઢ બનતી જશે. પરમાત્માનું માર્ગદર્શન આપ સ્વયમ્ મેળવી શકશો, અનુભવી શકશો. આત્મિક વિકાસ સધાતો અનુભવી શકાશે. આધાર સ્થંભો પવિત્ર, મજબૂત, અને સ્વસ્થ થતાં માયાનું, દુર્વૃત્તિઓનું, દૂષણોનું ધૂંધળું આવરણ હટી જશે અને પરમાત્માની પોતાના ઈષ્ટના સ્વરૂપમાં પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભૂતિ થવા લાગશે.

આપ સર્વે સંકલ્પબદ્ધ થાઓ, પુરુષાર્થ કરો, આપની ઉપાસનાના આધારસ્થંભોને સક્ષમ બનાવો અને પરમનું સાનિધ્ય અનુભવો.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

**'ૐ મા ૐ'**

## (૪) ઉપાસના દિનની ઉજવણી - ૨૦૦૬

**(તા. ૯-૧૨-૨૦૦૬ના રોજ શ્રદ્ધા કુટિરમાં પરમ્ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીના સાનિધ્યમાં ઉજવાયેલ ઉપાસના દિનનો અહેવાલ)**

પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા ભક્તોને કૃપાઆશિષના અપાયેલા ત્રણ ઉત્સવ, સેવાદિન, માનવતાદિન અને ઉપાસનાદિનમાંથી શ્રદ્ધાના ચોકમાં ઉજવાતો મહાઉત્સવ...

આજે ઉજવાતો આ મહોત્સવ એક વિશિષ્ટ સાંકેતિક જ્ઞાન અને સંકેત આપનારો છે. શ્રદ્ધા કુટિરમાં ઉજવાતો આ ૧૮મો પાટોત્સવ - પૂજ્યશ્રીના "શ્રદ્ધા" બંગલામાં નિવાસને ૧૭ વર્ષ પૂર્ણ થયા અને ૧૮મા વર્ષમાં પ્રારંભ.... આજની તારીખ ૯-૧૨-૦૬ (નવ + બાર + છ = સત્યાવીસ... સરવાળો નવ) (૯ + ૧ + ૨ + ૬) સરવાળો ૧૮ અર્થાત્ નવ... ૧૮મું વર્ષ... સરવાળો નવ... આ સંકેત છે કે, આ વર્ષમાં પૂજ્યશ્રીની સેવાકૃપા, માનવતાને, પ્રેતાત્માને પૂર્ણતા બક્ષશે... જેમ ભૂકંપ નિવારણ, પ્રેતાત્મામુક્તિ વગેરે સેવામાં અન્યકોઈ સંત, સામર્થ્યકૃપા દર્શાવી શક્યા નથી. તેમ આ વર્ષમાં, માતાજી, પૂજ્યશ્રીને આવી જ કોઈ પૂર્ણસેવાના અધિકારી બનાવશે... માતાજીના આ સંકેતને આપણાં પ્રણામ....

આજના મહોત્સવનો પ્રારંભ, અમદાવાદની ૧૫૪મી આધ્યાત્મિક યાત્રાથી બપોરે ૩-૦૦ વાગે થયો. પૂજ્ય બ્હેનજીના સાનિધ્યમાં આધ્યાત્મિક યાત્રામાં અનેક ભક્તો જોડાયા છે. આધ્યાત્મિક યાત્રા એટલે ધર્મ - ધ્યાન - જ્ઞાન અને સત્સંગનો સ્વસ્તિક.... પૂજ્યશ્રી દ્વારા રચિત આ આધ્યાત્મિક યાત્રામાં ધર્મનું ચરણ-દીપ યજ્ઞ, ધ્યાન, મૌન, જ્ઞાન... સત્સાહિત્યનું વાંચન અને સત્સંગ.... પૂજ્યશ્રીની રાજવાણીનું પઠન... આવા સુંદર આયોજનના પ્રતિક રૂપે કુટિરમાં આસોપાલવના તોરણની ચોકડી અર્થાત્ સ્વસ્તિક દોરાયો છે. કુટિરના આંગણે પણ આસોપાલવનું તોરણ બંધાયું છે.

આજની આધ્યાત્મિક યાત્રામાં બહુ મોટી સંખ્યામાં ભક્તો જોડાયા છે. આજે રાજપરિવારના સભ્યોને પૂ. બ્હેનજીના મુખે, પૂજ્યશ્રીની અમૃતવાણી સાંભળવાનો અવસર પ્રાપ્ત થયો છે. નવેમ્બરની રાજવાણીમાંથી તેઓએ "સમયની પરખ" વિશે પૂજ્યશ્રીના વિચારોનું વાંચન કર્યું. તેઓશ્રીએ કહ્યું કે....

★ વ્યક્તિ પાસે બુદ્ધિ, શક્તિ, શિક્ષણ બધું જ હોય પરંતુ સમય પારખવાની સૂઝ ન હોય તો અથાગ મહેનત કરવા છતાંય નિષ્ફળતા જ સાંપડે છે. યોગ્યસમયે સમયને ઓળખતાં અને સમય વીતી ગયા પહેલાં એનો લાભ લેતાં, તકને ઝડપી લેતાં શીખી લઈએ તો જીવનની ઘણી સમસ્યાઓ હલ થઈ શકે, સરળ બની શકે.

★ પતિ-પત્ની સમય પારખીને પોતાનું કામ પ્રેમથી કરે તો ઘર નંદનવન બની શકે.

★ સમયની પરખ એ ડહાપણ, આત્મસંયમ, જાગૃતતા, ધૈર્ય, દૂરંદેશીપણું અને કલ્પના આ બધા તત્ત્વોને સમન્વય છે.

ડિસેમ્બરની રાજવાણીમાંથી પૂ. બ્હેનજીએ કહ્યું કે..... "સત્તામાં સંસ્કારિતા છૂપાયેલી છે."

★ આપણને મળેલી સત્તાને, પદને શોભાવવાં હોય તો અધિકારના વિકાસની સાથે સાથે માનવતાનો પણ વિકાસ થવો જોઈએ. જો માનવતાને બદલે પાશવતાનો વિકાસ થશે તો પદમાં, સત્તામાં દવ લાગી જશે.

★ દરેક અમલદારે પોતાનું કામ જાતે જ કરવું જોઈએ. સમય, સ્વચ્છતા, સુઘડતા અને શિસ્તના આગ્રહી બનવું જોઈએ. પોતાના આંખ અને કાન, ખુલ્લાં રાખવા જોઈએ. હ્રદયની વિશાળતા રાખવી જોઈએ. અંગત માણસોની વાતોમાં ભેરવાઈ કે ભોળવાઈ જવાય નહીં તેની કાળજી રાખવી જોઈએ...

★ પૂર્વગ્રહો રાખ્યા વગર, દરેક વ્યક્તિને તેના વર્તમાન કાર્ય, વર્તન અને કુશળતાની નોંધ લઈને યોગ્ય ન્યાય આપવો જોઈએ.

બરાબર પાંચ વાગે આધ્યાત્મિક યાત્રા પૂર્ણ થઈ. કુટિરમાં શ્રી મુંજાલભાઈના મધુર કંઠે પ્રથમ સુંદર શ્લોક અને પછી શ્રી સદ્‌ગુરૂ શરણં મમ્ નો નાદ થાય છે. બધા જ ભક્તો, ધ્યાનમય નેત્રો સાથે પૂજ્યશ્રીના આગમનની પ્રતીક્ષા કરે છે. સુંદર, પવિત્ર વાતાવરણમાં મીઠી સુવાસ પ્રસરી રહી છે અને ૫-૧૦ મિનિટે પૂજ્યશ્રી પધાર્યા છે. “સદ્‌ગુરૂ દેવ કી જય” ના પ્રચંડ નાદ સાથે ભક્તોએ પોતાના સ્થાનેથી પ્રણામ કર્યા છે અને પૂજ્યશ્રીએ સહુ પર આશિષકૃપા કરી છે.સ્મિત સભર મલકતું મુખ, પ્રભાવશાળી પગલાં, રૂઆબદાર વ્યક્તિત્વ અને નયનોમાં અમીમય આશિષકૃપા, પૂજ્યશ્રીના આ સુંદર સ્વરૂપને બસ નીરખ્યા કરવાનુંજ મન થાય. આખોય ચોક અને કુટિર ભક્ત મહેરામણથી ઉભરાય છે. હવે પ્રસંગના પ્રારંભમાં પૂ.બ્હેનજીએ પ્રાસ્તાવિક ઘોષણા કરતાં, આજના મહોત્સવની પૂર્વભૂમિકા સમજાવીને, ભક્તોને આજના પ્રસંગે ભાવોર્મિ રજૂ કરવા કહ્યું....

શ્રી હેમંતભાઈએ, ઉપાસના શબ્દના આધ્યાત્મિક મર્મ અને અર્થને બાજુએ રાખી, આપણા માટે ઉપાસના એટલે શું.. એમ કહેતાં કહ્યું કે....

“રાજના રાજમાં કરીએ લીલાલ્હેર એજ ઉપાસના...
ને મસ્તકે રહે સદા રાજની મ્હેર એજ ઉપાસના...
યાદ, રાજની આંસુ બની ટપકે એ જ ઉપાસના..
ને ખેંચાતી રહે જીવનદોરી રાજના હસ્તે એજ ઉપાસના...
એજ ઉપાસના....

ભક્તોને આ ભાવોર્મિ ગમી....

હવે રાજકવિ શ્રી સતિષભાઈએ પોતાની ભાવોર્મિ રજૂ કરતાં કહ્યું કે, “અંશ રજૂ કરું છું...

“પ્રેમ, અનોખી નજરોનો વ્યવહાર છે
ચાર નયનોનો ભેગો આ તહેવાર છે.
પ્રેમ તો કંઈ, શમણાંથી ચિક્કાર છે.
અડધી રાતે, તેને તો સવાર છે...

ભક્તોએ તાળીઓના ગડગડાટથી આ શબ્દોર્મિને વધાવી લીધી છે.....

હવે કુટિરના વિદ્વાન ભક્ત શ્રી તપસ્વી નાંદીએ પોતાની ભાવોર્મિ રજૂ કરતાં કહ્યું કે...

મારી કલમ, પૂજ્યશ્રીના આદેશથી જ વિચારોને શબ્દવાચા આપે છે. આમાં મારું કાંઈ નથી... એમની શબ્દોર્મિના કેટલાક અંશો...

"પૂજ્યશ્રીના પરાક્રમોની સંખ્યા, આકાશના તારાઓ, સમુદ્રતટ પર પથરાયેલ રેતીના કણો હા.... જેમના પર પેલું નીલવર્ણું તેજ રમત રમે છે, દોડે છે.. એ સમગ્ર કણો અને આપશ્રીની દિવ્ય કરૂણાના સ્વાનુભાવ વખતે કેવળ મારા કે તમારા જ નહિં પણ વિશ્વના બધાં જ માનવબાળો - કહો કે જીવમાત્રનાં પુલકિત થતાં રુવાંડાની સંખ્યા ભેગી કરીએ તેનાથી પણ વધારે છે.

મને વિશ્વાસ છે કે, આ વર્ષના અમૃત મહોત્સવના આરંભ સાથે પ્રભુશ્રીની કરુણા-જહાનવી, શિવજીના મસ્તક ઉપર ઉતરેલી સ્વર્ગગંગાની માફક આપણા પર ઉતરશે અને જેમ શિવજીએ ગંગાજીને ઝીલ્યાં તેમ પૂજ્યશ્રી આપણને પણ તેમના કરુણા-સ્રોતને ઝીલવાની - પચાવવાની - તે દ્વારા આપણામાં દિવ્ય-રૂપાંતર સિદ્ધ કરવાની ક્ષમતા આપશે.... આ વાતની આપણને પૂર્ણ શ્રદ્ધા છે...

ભક્તોને નાંદી સાહેબની નિખાલસ પ્રાર્થના અને ભાર્વોમિ ખૂબ ખૂબ ગમી અને સહુએ તાળીઓથી વધાવી....

હવે કુટિરના કવિરત્ન શ્રી મુંજાલભાઈએ... ભગવાન સદ્ગુરુના પુનિત પદારવિંદમાં શબ્દપુષ્પો અર્પણ કરતાં કહ્યું કે.....

પરમ શક્તિ હૈ, પ્રણવ શક્તિ હૈ<br>
વેદમાત હૈ, વિશ્વમાત હૈ...<br>
હ્રદયમંદિરે, માડી પરમ પ્રેમની<br>
પુનિત દિવ્ય આ પાટ પાથરી<br>
હવે ભાવથી ભીની થાય આંખડી<br>
પ્રગટવા તણી હવે માત થઈ ઘડી....

તેમણે આ 'પાટોત્સવ'ને નવી દૃષ્ટિથી રજૂ કરતાં કહ્યું કે.....

(૧) પ્રથમ પાટોત્સવ, તા. ૭-૯-૩૨ ના રોજ થયો જ્યારે પૂજ્યશ્રી સદેહે, આ ધરતી અવતર્યા...

(૨) બીજો પાટોત્સવ - જ્યારે બાળ નરેન્દ્રને યજ્ઞોપવિત સંસ્કાર અપાયાં ત્યારે ત્રિપદા ગાયત્રીની રાજહ્રદયમાં સ્થાપના થઈ.

(૩) ત્રીજો પાટોત્સવ : શિવરાત્રીએ, પૂજા દરમિયાન પૂજ્યશ્રીને ગળામાં માળા આવી અર્થાત્ શિવતત્ત્વ બિરાજમાન થયું...

(૪) ચોથો પાટોત્સવ - પ્રથમવાર પૂજ્યશ્રીને માતાજીનો સાક્ષાત્કાર થયો અને "જ્યાં રાજ ત્યાં માત" સંબંધ સ્થાપિત થયો..

(૫) પાંચમો પાટોત્સવ - જ્યારે માતાજીએ પરમશક્તિ મંત્ર 'ૐ મા ૐ' પ્રદાન કર્યો... શિવ અને શક્તિના સમન્વય - સાયુજ્ય સ્થાપિત કર્યું.

(૬) છઠ્ઠો પાટોત્સવ - આપ ભક્તોના હ્રદયમાં પાટ પર બિરાજો તે...

તેમણે પ્રાર્થના કરી કે, આજના પવિત્ર દિવસે, પ્રાર્થના કરીએ કે, આપણા સહુના હ્રદયમંદિરમાં પૂજ્યશ્રી બિરાજમાન થાય....

સહુ ભક્તોએ તાળીઓના પ્રચંડ નાદથી ભાઈશ્રી મુંજાલની શબ્દરચના, રજૂઆત, મધુર કંઠ અને પ્રસંગોચિત પ્રાર્થનાને વધાવી લીધી...

હવે પૂજ્યશ્રીને આજના પાવન પર્વ, પાટોત્સવ પ્રસંગે કૃપાઆશિષ માટે પ્રાર્થના કરાઇ... પૂજ્યશ્રીનું આજનું ઉદ્‌બોધણ સરળ છતાં સ્પષ્ટ, માર્ગદર્શન, અને દિશાદર્શન આપનારું છે.

આજના પૂજ્યશ્રીના વક્તવ્યમાં ભક્તવત્સલભાવ, ભક્તભવ ઉદ્ધારક અભિગમ અને ભક્તને ભક્તિ (ઉપાસના) દ્વારા ભગવાનની સાક્ષાત્, અનુભૂતિ કરાવવાની ઝંખના પ્રદર્શિત થઈ. જેમ તેઓશ્રીને માતાજીનો સાક્ષાત્કાર થયો છે, તે રીતે દરેક ભક્તને પરમાત્માની પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભૂતિ સામર્થ્ય બક્ષવાની વિશાળ મનોભાવના અને મહેચ્છાનાં દર્શન થયાં. અને આજ ઉપાસના દિનની આપણને મળેલી સર્વોત્તમ ભેટ છે.

એક કવિએ સુંદર કહ્યું છે.....

"પ્રભુની પ્રતીક્ષામાં જાગતો રહ્યો, ડંકો વગાડીને
અહીં એક શેર સૂતો છે, લાખો જગાડીને..."

સેવા, શક્તિમાં, સામર્થ્યમાં, નીડરતામાં, વીરતામાં અને ક્રાંતિકારી વિચારધારામાં મા ગાયત્રીએ જેમને સિંહ સમાન બળવાન... અને રાજસ્વ અર્પણ કર્યું છે, તેવા પૂજ્યશ્રીએ વિશ્વમાં લાખો લોકોની વિચારધારાને જાગૃત કરી છે અને આધ્યાત્મિક યાત્રાથી ગતિ આપી છે. હવે તેઓ ઈચ્છે છે કે, ઉપાસનાના આધાર સ્થંભોને આપણે સંયમ દ્વારા વિકસિત કરીએ. સમજવા જેવું છે. કે સ્વયમ્‌માંથી પ્રગટે તે સંયમ અને ઉપરથી લદાય તે નિયમ... માટે જ પૂજ્યશ્રી કોઈને નિયમ આપતાં નથી.

તા. ૧-૯-૨૦૦૬ થી ૮-૯-૨૦૦૬ સુધી ઉજવાયેલ પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીના અમૃત મહોત્સવને શબ્દોમાં આલેખતી પુસ્તિકા "પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો અમૃત મહોત્સવ"નું વિમોચન કરાયું. આ પુસ્તિકા હાજર-ગેરહાજર દરેક ભક્તોને અમૃત મહોત્સવના દરેક પ્રસંગોની શાબ્દિક ઝાંખી કરાવશે.

ત્યારબાદ વિદેશથી અને બહારગામથી આવેલ ભક્તોને ચરણસ્પર્શનો લાભ અપાયો. હવે મુંજાલભાઈએ સુંદર ભજન ગાયું છે "મારા ગુરુજી પ્રભુનો અવતાર છે." આજે ભક્તોને પ્રસાદમાં ઊંધિયું, પુરી અને જલેબી અપાયા છે. જેમ ઉંધિયામાં દરેક શાક અને મસાલા ભળી જાય છે તેમ જીવનમાં જે વ્યક્તિ, ચાલશે, ફાવશે, ભાવશે અને ગમશે ને અપનાવે તે દરેક માહોલમાં ભળી જઈને સ્વાદિષ્ટતા અનુભવી શકશે. જલેબીમાં મીઠાશ ખરી પણ જીવનમાં

મીઠાશ સીધી રીતે પ્રાપ્ય નથી. આધ્યાત્મિકતાની મધુરતા માટે વક્રઆકારે ઘણી બધી ઉપાસના - તપ અને જપ કરવા પડશે. જલેબી જેમ અંદરથી પોલી છે તેમ તમે પ્રભુ પાસે પોલા થઈ જાવ... કોઈ કપટ, ઈર્ષ્યા, અહમ્ કે સ્વાર્થ વગરના... તો મધુરતા પ્રાપ્ત થાય... પુરી ફૂલે અને સંકોચાય... સુખ કે દુઃખ પણ ફૂલે છતાંય આખરે સંકોચાવાના છે. દરેક દુઃખ કે સુખ કાયમ રહેતું નથી. અન્ન દ્વારા સાંકેતિક જ્ઞાન પ્રદાન કરવાની પૂજ્યશ્રીની આ વિચારધારા અને અભિગમને આપણા સહુના કોટિ કોટિ પ્રણામ...

આજના ઉપાસના દિને, હે ગુરુદેવ, આપના ચરણોમાં અમારી સહુની એક જ પ્રાર્થના કે, અમારા આધાર સ્થંભોને આપ સંયમિત કરજો. અને ચરણથી લલાટ સુધી એવો સુંદર ઘાટ આપજો.જેથી અમારો ઘાટ, ગંગાઘાટ જેવો પવિત્ર બની રહે. ઉપાસનાથી શક્તિ, મનોબળ અને સંયમ પ્રદાન કરી, પરમાત્માની પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભૂતિનું સામર્થ્ય અને ક્ષમતા પ્રદાન કરજો.

આપના ચરણકમળમાં અમારા સહુના દંડવત્ પ્રણામ....

**'ૐ મા ૐ'**

## મંદિરની રક્ષાનો આદેશ

**તા. ૩-૩-૨૦૦૭ શનિવારની મધ્યરાત્રિ પછી મને સ્વપ્નમાં માતાજીએ આદેશ આપ્યો કે " તારે કાર્ય કરવાનું છે." મેં કહ્યું "માતાજી આદેશ આપો." "મંદિરની રક્ષા માટે કાર્ય કરવાનું છે. " એમ કહી મને એક મંત્ર આપ્યો અને વિધિ દર્શાવી.**

**"૫૧૦૦૦ મંત્રજાપ કરવાના છે. જમણા હાથે મંત્રજાપ કરતી વખતે ડાબો હાથ જળમાં રાખી જળ અભિમંત્રિત કરવાનું છે. અભિમંત્રિત જળનો છંટકાવ મંદિરની ફરતે કરવાનો છે અને રેશમના અભિમંત્રિત દોરડા વતી મંદિરની ફરતે લક્ષ્મણરેખા કરવાની છે.**

**માતાજીના આદેશ અનુસાર ગુજરાતના નીચે દર્શાવેલ મંદિરોની રક્ષા કરવામાં આવી રહી છે.**

| | | |
|---|---|---|
| **તા. ૨૩ માર્ચ ૨૦૦૭** | **-** | **ઈસ્કોન મંદિર, સોલા ભાગવત વિદ્યાપીઠ તથા કેમ્પના હનુમાન મંદિર. - અમદાવાદ.** |
| **તા. ૨૫ માર્ચ ૨૦૦૭** | **-** | **રણછોડરાયજીનું મદિર - ડાકોર.** |
| **તા. ૩૦ માર્ચ ૨૦૦૭** | **-** | **અંબાજીમાતાજીનું મંદિર - અંબાજી.** |
| **તા. ૧૪ એપ્રીલ ૨૦૦૭** | **-** | **સોમનાથ મંદિર - સોમનાથ** |
| **તા. ૧૫ એપ્રીલ ૨૦૦૭** | **-** | **દ્વારિકાધીશનું મંદિર - દ્વારકા** |

## (૫) માતાજીની પ્રત્યક્ષ ચેતવણી અને સ્વપ્નાનુભૂતિ

### દુષ્ટજનોથી દૂર રહેવું - માતાજીની ચેતવણી

તારીખ : ૧૯-૧૦-૦૬, ગુરુવાર. ધનતેરસની મધ્યરાત્રિ પછી રાત્રિના ૧-૩૦ વાગે હું મારા પલંગમાં સૂતો હતો. ભર ઉંઘમાં હતો ત્યારે મારા પગના તળિયામાં ગલીપચી થતી હોય તેવું લાગવાથી હું જાગી ગયો. સામે જ સાક્ષાત્ માતાજી ઉભા હતા. ભાવવિભોર હું ઉભો થઈ ગયો અને માતાજીને ચરણ વંદના કરતો જમીન પર બેસી ગયો.

માતાજીએ મને પકડીને તેમની સાથે પલંગમાં બેસાડી દીધો. પછી માતાજી મને કહે, "તારે કાલે આખો દિવસ ઘરની બહાર જવાનું નથી. (કાલે શુક્રવાર અને કાળી ચૌદશનો દિવસ છે.) હું આશ્ચર્યમાં પડી ગયો અને વિચારવા લાગ્યો કે, માતાજીએ આવો આદેશ શા માટે આપ્યો હશે ! થોડીવાર પછી મેં માતાજીને પૂછ્યું કે, "આપનો આદેશ મારે શિરોમાન્ય છે પરંતુ આનું કારણ શું ?"

માતાજી કહે "તા.૨૦-૧૦-૦૬ આવતી કાલે બપોરના ૧૨ વાગ્યાથી રાત્રિના બાર વાગ્યા સુધી એક તાંત્રિક તને હેરાન કરવા, તારું અહિત થાય તે માટે વિધિ કરવાનો છે." મેં નમ્રભાવે માતાજીને કહ્યું, "માતાજી, આપે મને શક્તિ અને સામર્થ્ય આપ્યાં છે, મને તે જગ્યા બતાવી દો જેથી તે તાંત્રિકને ત્યાં જઈને તેને સીધો દોર કરી દઉં." માતાજીએ કહ્યું કે, "દુષ્ટજનોથી દૂર રહેવું. સમય સમયનું કામ કરશે." મારું હૃદય જરા ભરાઈ આવ્યું. માતાજીએ વાંસામાં હસ્ત પસવારતાં કહ્યું કે, "સૈનિક ઢીલો પડે ખરો ?" મે ં આર્દ્ર સ્વરે માતાજીને કહ્યું કે, "આપશ્રી મારા માટે આપનો સમય ફાળવીને મારા માટે જ પધાર્યા છો તેથી જરા વ્યથિત થયો છું." વાત્સલ્યસભર વાંસામાં મૃદુ હસ્ત પસવારતાં મને ચેતવણી આપતાં કહ્યું કે, "મારા અવાજમાં પણ તને કોઈ બોલાવે તો પણ તું બહાર જઈશ નહિં." આટલું કહીને માતાજી અદ્દૃશ્ય થઈ ગયાં. માતાજી પાંચ મિનિટ રોકાયા હતા.

તા. ૨૦-૧૦-૦૬, શુક્રવાર - કાળીચૌદશના દિવસે સવારે નિત્ય કર્મ પરવારીને પછી લગભગ ૯-૪૫ વાગે મેં મંગળને કાચની બોટલમાં પાણી ભરી લાવવા જણાવ્યું. મેં તાંત્રિક પ્રયોગથી રક્ષણ મેળવવા માટે જળ અભિમંત્રિત કર્યું અને બંગલાના દરવાજાની બહાર જઈ કમ્પાઉન્ડ વોલના બંને છેડાઓને આવરી લઈને વોલ પર જળનો છંટકાવ કર્યો જેથી આસુરી તત્ત્વ દરવાજામાં પ્રવેશી શકે નહિં.

આખો દિવસ હું મારી રૂમમાં જ હતો. બપોર પછી ૩-૨૫ વાગે હું મારા પલંગમાં બેઠો હતો તે વખતે મારા કાનમાં માતાજીના જેવો જ મૃદુ અવાજ સંભળાયો કે, "તું તાત્કાલિક સરખેજ એસ.ટી. બસ સ્ટેન્ડ પર આવી જા." મેં કહ્યું કે, "હું આવવાનો નથી." ફરીથી ૪-૪૫ વાગે આવવા માટે જણાવ્યું. ફરીથી મેં કહ્યું કે, "હું આવવાનો નથી."

સાંજે ૬-૩૦ વાગે હું કુટિરમાં હીંચકે બેઠો હતો. ક્રિકેટ મેચ જોતો હતો પરંતુ હું સાવચેત

હતો. મારી નજર રસ્તા પર રહેતી હતી. સાંજે ૮-૧૫ વાગે કુટિર સમાપ્ત કરી હું ઘરમાં આવ્યો. દૈનિક કાર્ય પરવારી રાતે દસ વાગે મારા પલંગમાં બેઠો હતો. ૧૦-૪૦ વાગે મારા કાનમાં ફરીથી અવાજ આવ્યો કે, "અત્રે આવી જા." મારું લોહી ગરમ થઈ જતું હતું પરંતુ માતાજીના આદેશથી હું સ્વસ્થ રહ્યો અને આવવાનો નથી તેમ જણાવ્યું.

ફરીથી ૧૧-૧૦ મિનિટે એ જ માતાજીના અવાજ જેવો અવાજ કાનમાં સંભળાયો કે, "તું શિસ્તબદ્ધ સૈનિક છે ને આવું કેમ કરે છે ? મેં સ્પષ્ટ શબ્દોમાં 'ના' જવાબ આપી દીધો.

મેં રાતના બાર વાગ્યા સુધી જાગતા રહેવાનો સંકલ્પ કર્યો હોવાથી હું સોફામાં જઈને બેઠો. બાર વાગ્યામાં દસેક મિનિટ બાકી હશે અને મને ઝોકું આવી ગયું અને નીંદર આવી ગઈ. નિંદ્રા દરમિયાન એક સ્વપ્ન આવ્યું.

"હું એક ગાઢ જંગલમાં આવીને ઉભો છું. આ જંગલમાં થોડે દૂર તાંત્રિક લોકો (બિહામણા દેખાતા હતા) કંઈક વિધિ કરી રહ્યાં હતા. તે લોકો મને જોઈને ખુશ થતાં હતા અને મારી સામે કંઈક વસ્તુ ફેંકતા હતા, પરંતુ મારી પાસે આ વસ્તુ આવી શકતી ન હતી. હું શાંતિથી ઉભો હતો. ત્યાં જ મારી ડાબી બાજુએથી દૂરથી એક વાઘને આવતો જોયો. મારા મંત્રજાપ ચાલુ જ હતા. વાઘ મંદ ગતિએ મારા તરફ આવતો હતો. પાળેલા પ્રાણીની જેમ વાઘ મારી ડાબી બાજુમાં આવીને ઉભો રહ્યો.

અમે બંને, વાઘ અને હું મૌન હતા, મારી નજર પેલા તાંત્રિક પર સ્થિર હતી. વાઘે મારી ડાબી બાજુએથી નીકળીને મારી ત્રણ વખત પ્રદક્ષિણા કરી અને પછી એક ભયાનક ત્રાડ પાડીને વાઘે પેલા તાંત્રિકો તરફ દોટ મૂકી. તાંત્રિકો ગભરાઈને જીવ બચાવવા બધું જ છોડીને ભાગી ગયા. વાઘ કદાચ અહિંસક હશે. તેથી તાંત્રિકોને ભગાડીને તે મારી જમણી બાજુએ આવીને ઉભો રહ્યો. મેં વ્હાલથી તેના માથા પર અને ગરદન પર હાથ ફેરવ્યો. પછી જમીન પર બેસીને વાઘને હું ભેટ્યો. વાઘ પણ જમીન પર બેસી ગયો. થોડીવાર પછી મેં વાઘને પૂછ્યું કે "ભાઈ, તને માતાજીએ મોકલ્યો છે ?" આ પ્રશ્ન પૂછતાંની સાથે જ મારી આંખ ખૂલી ગઈ. ઘડિયાળ રાત્રિના બાર બતાવતી હતી.

**'ૐ મા ૐ'**



**ગુરુપૂર્ણિમા ૨૯-૭-૨૦૦૭**

**અને**

**માનવતા દિન ૭-૯-૨૦૦૭**

**ઉત્સવની ઉજવણીનું**

**: સ્થળ :"શ્રી દેશી લોહાણા વિદ્યાર્થી ભવન"**

**વ્યાયામ શાળા પાછળ, ફૂટબોલ ગ્રાઉન્ડ સામે,**

**કાંકરીયા, મણીનગર, અમદાવાદ-૨૨.**



## (૬) શ્રધ્ધા કુટીરમાં "હાસ્ય કવિ સંમેલન''

**(તા. ૧૭-૧૨-૦૬ ના રોજ શ્રદ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીના સાનિધ્યમાં આયોજિત હાસ્ય કવિ સંમેલનો અહેવાલ)**

શ્રદ્ધા કુટિર એટલે પૂજ્યશ્રીના સાનિધ્યમાં વ્યક્તિત્વ અને અસ્તિત્વના વિકાસનું ધામ... કોઈ આને મદિર કહે, કોઈ તીર્થ કહે, કોઈ સંસ્કારધામ કહે, કોઈ સત્સંગ સ્થાન કહે, કોઈ વડીલોનો વિરામ કરે. કોઈ બ્હેનોનો આરામ કહે તો કોઈ રામના કામનું, કૃષ્ણના નામનું, શિવના સ્થાનનું કે માતના માનનું આગણું કહે... પણ શ્રદ્ધા કુટિર એટલે પૂજ્યશ્રીનું સાનિધ્ય, સાનિધ્ય અને સાનિધ્ય... અહીં તનને શાંતિ અને મનને ક્રાંતિ.. અર્થાત્ નવા વિચાર મળે...

આજે અહીં ભક્તોની સાહિત્ય અને કલ્પનાશક્તિના વિકાસ માટે કાવ્ય રચનાઓની પ્રસ્તુતિ સંમેલન યોજાયું છે અને આજે પૂજ્યશ્રી પણ એક કવિ તરીકે અને પછી શ્રોતા તરીકે બિરાજીને સહુને પ્રોત્સાહિત કરે છે. પૂજ્યશ્રી બરાબર ૫-૪૫ વાગે પધાર્યા છે. 'સદ્‌ગુરૂ દેવ કી જય"નો નાદ થયો છે. કુટિરમાં ભક્તોની ભીડ છે. આ કવિ સંમેલનમાં ભાગ લેવા ભક્તો સુરત, મુંબઈ વગેરે સ્થળેથી પધાર્યા છે અને પોતાની કૃતિ મોકલી છે.

કુટિરમાં હાજર ભક્તોમાં વ્યાપ્ત આનંદને આવકારતાં પૂજ્યશ્રીએ સુંદર મુક્તક કહ્યું... સ્વયમ્ સ્ફૂરિત અને રચિત, આ મુક્તકે પૂજ્યશ્રીના હ્રદયમાં બિરાજીત કવિહ્રદયનો પરિચય કરાવ્યો...

ખીલવા પુષ્પને, તપવું પડે,<br>
ખીલવા મનુષ્યને, પુરુષાર્થ કરવો પડે.

સાંજે ૬-૧૦ વાગે આ હાસ્ય કવિ સંમેલનનો પ્રારંભ કરતાં સંચાલકે કહ્યું કે,

આજની સુનહરી શામ... શ્રદ્ધા કુટિર કે નામ....

આપણે સહુ, સદ્‌નસીબ છીએ કે, રાજ્યપરિવારના સભ્યોની વિનંતી સ્વીકારીને પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીએ, આ કવિ સંમેલનના આયોજનની સંમતિ આપી અને આપણને ઉપકારિત કર્યા. આજના સંમેલનના ઉદ્‌ઘાટક રહેશે પરમ્ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી. અતિથિ વિશેષ છે, સમર્પિત સેવા વ્યવસ્થાપક પૂ.બ્હેનજી. બીજા અતિથિ વિશેષ છે, મમતા મૂર્તિ પૂજ્ય કુસુમબા અનેસેવા સ્વામિની આદરણીય ઉષાબ્હેન....

રાજપરિવારના સભ્યોની સુષુપ્ત શક્તિઓને જાગૃત કરી, પ્રકાશિત કરવી એ પૂ. બ્હેનજીનો સ્વભાવ અને ધર્મ બની ગયાં છે. બાલસંસ્કાર, થનગનાટ સ્પર્ધા, જ્ઞાનગોષ્ઠિ, જ્ઞાનબીજ, સત્સંગ ચર્ચા અને કવિ સંમેલન... આપણે સહુ બ્હેનજીના આભારી છીએ.

આજના કવિ સંમેલનનાં પ્રારંભ માટે હું આમંત્રિત કરું છું એક એવા "માતકવિ" ને..... જેમના શબ્દોમાં શક્તિ અને ભક્તિ છે. એમની વાણીમાં એક એવો નાદ છે. જે

ભક્તોને જાગૃત કરે છે. એમની વાણીમાં એક એવી જ્યોત છે. જે આપણને પ્રકાશિત કરે છે. એમના વિચાર અને શબ્દ, આપણા સહુના હૃદયમાં સુવાસ બની મહેંકે છે. તેઓશ્રી 'માતકવિ' હોઈ 'માત ને માટે જ લખે છે, માત માટે ગાય છે અને માતની વાણી બોલે છે.'

આપના શબ્દોની અમૃતગંગામાં સ્નાન કરવા અમે સહુ ઉત્સુક છીએ. આપ સહુ સરસ્વતી ઉપાસકોને આશીર્વાદ આપો અને આજના ઉત્સવનો પ્રારંભ કરાવો.

પૂજ્યશ્રીએ ઉદ્‌બોધન કર્યું........ "વ્હાલા આપ્તજનો."

તેઓશ્રીએ સ્વયમ્ રચિત મુક્તકો રજૂ કર્યા....

૧. શ્રદ્ધાનું આંગણું છે અણમોલ
સત્સંગ, સંસ્કાર ને સાહિત્યનું સંગમ સ્થાન....
વિવિધતામાં ભરી છે એકતા અહીં
આવકારું છું કવિ બાળકોને અહીં.
વહાવો કાવ્ય રસનું ઝરણું અહીં
શ્રદ્ધાનું અમૃત પામી શકાશે અહીં....

૨. નથી કવિ હું, કે કવિતા રચી શકું
નથી ગઝલકાર કે ગઝલો લલકારી શકું
છું શિસ્તબદ્ધ સૈનિક માત તણો
ફક્ત માતના આદેશો ઝીલી શકું
અમૃતસમ આદેશો અપનાવી શકું, અમલ કરી શકું.
જનસેવાના કાર્યો કરી શકું.

૩. શ્રદ્ધા છે મુજ માતનું નિવાસસ્થાન
શ્રદ્ધા છે મારા જીવનનું ધામ.
શ્રદ્ધા ફળે જો શ્રદ્ધા હોય
માતની કૃપાશિષ મળતી રહે....

પૂજ્યશ્રીની આશિષકૃપા પંક્તિઓથી સહુ ભક્તો ખૂબ ખૂબ રાજી થયાં અને તાળીઓના ગગનનાદથી પ્રસન્નતા પ્રગટ કરી રહ્યાં...

હવે અતિથિ વિશેષ પૂજ્ય બ્હેનજીએ પ્રેરક ઉદ્‌બોધન માટે વિનંતી કરતાં તેઓશ્રીએ કહ્યું કે, રાજપરિવારના વ્હાલાઓનું હું સ્વાગત કરું છું અને સહુ કવિઓને બિરદાવું છું. કુટિરના અનેક સ્વરૂપો છે જ્યાં સમયનો ઉપયોગ ભક્તની માત્ર ભક્તિના વિકાસ માટે જ નહીં, પણ શક્તિ, સામર્થ્ય અને વૈચારિક ક્રાંતિ માટે થાય છે. અહીં સત્સંગની સાથે સત્‌દૃષ્ટિ અને સત્‌માનવનું સર્જન કરવામાં આવે છે અને પૂજ્યશ્રીના સાનિધ્યમાં આ પરિવર્તનને ગતિ પ્રાપ્ત થાય છે.

રાજપરિવારનાં ભક્ત કવિઓ દ્વારા રજૂ થયેલાં કેટલાંક કાવ્યો અને મૂક્તકો :-

(૧) મહોબત કરી જાણતી
હરગલીમાં મારી કદર રહે
તમારી ગલીમાં રાજ !
મારી નજર રહે.
શ્વાસ રહે - વિશ્વાસ રહે
અગર બને તો રાજ !
તમારી ગલીમાં સદાય
મારો વાસ રહે.
કફન ઓઢતાં ઓઢતાં આંખ તમારી ઉપર રહે
બનું પ્રેત તો તમારી પાસેથી જ, નિવારણના અરમાન રહે....

(૨) અહીં શ્રદ્ધા કેરું મંદિર છે...
કોઈ ઉતાવળા થઈ દોડે છે,
કોઈ ધીમે ધીમે ચાલે છે
કોઈ બંધ નયનથી નિરખે છે
કોઈ આંખથી અમીરસ પીવે છે,
અહીં શ્રદ્ધા કેરું મંદિર છે...

(૩) એકદા વાટિકા મધ્યે, બેઠાં માત ઝુલાસને
કરે પૃચ્છા નારદ, ક્યા તીર્થ પૃથ્વી પરે ?
લાધ્યું મને આજે જ્ઞાન, 'નીલોષા'ના માહાત્મ્યનું
વિચરીશ જ્યાં જ્યાં હું, ડંકો વગાડીશ માત હું

(૪) "ચિંતાઓ શ્રી રાજયોગીને સોંપી"
રાગ તો હું વૈરાગનો માંગુ
ધરવા સહુ ઊંઘે ત્યારે જાગું
અંતરે અચલ શ્રદ્ધાને રોપી
લેવું જીવન એમ આટોપી... ચિંતાઓ શ્રી રાજયોગીને સોંપી

(૫) પ્રભુમેં આસ્થા ભી તો બઢતી હૈ આહિસ્તા આહિસ્તા
પ્રભુકી કૃપા ભી હોતી હૈ આહિસ્તા આહિસ્તા
જબ ગમ બઢતા હૈ આહિસ્તા આહિસ્તા
તભી તો ઈન્સાન ઢલતા હૈ ગુરુ કી ઔર આહિસ્તા આહિસ્તા

(૬) કિસ્મત સે તુમ હમકો મિલે હો

કૈસે છોડેંગે યે સાથ... હમ ના છોડેંગે...

કિતને જન્મોં કી શૃંખલાઓ સે

કિતને કર્મો કી પુન્યાઈઓં સે.. રાજન અબ ના છોડેંગે...

છેલ્લે આમંત્રિત કરાયા છે શ્રી હેમંતભાઈ ઉપાધ્યાયને...

તેઓએ કહ્યું કે....

શામ સુહાની હો ઔર શ્રદ્ધામેં વાણી હો
કુટિર મેં ભીડ હો ઔર ઝૂલે પે વીર હો
સત્સંગ મેં મંત્ર હો, ઔર બહેનજી કા તંત્ર હો,
તો ફિર બેડા પાર હૈ....

મૃત્યુ કે બાદ જીવન હો, ઔર માનવયોનિ નસીબ હો,
જન્મ ભારતમેં હો ઔર રાજયોગીજી ફિર નસીબ હો
ગુરુદેવ કા આલિંગન હો, ઔર માતાજીકા મિલન હો.
તો ફિર બેડા પાર હૈ....

ભક્તોને આ રચના ગમી..

હવે બહેનજીએ આજના બધા કવિઓને બિરદાવતાં કહ્યું કે.... કુટિર એ તો ઘડતરનું, ચણતરનું અને ભણતરનું પવિત્ર ત્રિવેણી તીર્થ છે. અહીં ભક્તિનું ભણતર, સંસ્કારનું ચણતર અને વિચારોનું ઘડતર કરાય છે. સત્સંગ એટલે વિચારોનું ઘડતર... સાનિધ્ય એટલે જીવનમાં પરિવર્તનનું ચણતર અને પૂજ્યશ્રીના આદેશોનું શ્રવણ, તેઓશ્રીના સાહિત્યનું વાંચન એટલે ભણતર...

આપ સહુ ભક્તો, કુટિરમાં રોજ આવીને સૂક્ષ્મ રીતે, પરોક્ષ રીતે આપના જીવનમાં વ્યક્તિત્વ અને અસ્તિત્વને સુવાસિત કરી રહ્યાં છો એ આનંદની વાત છે.

અંતે આજના દિને પૂજ્યશ્રીના ચરણોમાં એક જ પ્રાર્થના કે, રાજપરિવારના સભ્યોએ "કવિતા" લખવાનો કરેલ આ પુરુષાર્થ છે. અમને જ્ઞાન નથી કે અનુભવ નથી પણ એક જ પ્રાર્થના કે,

"રાજના તેજથી પ્રકાશે અહીં કવિ"

અને રાજના સાનિધ્યથી શોભે છે કવિ....

શબ્દોના સથવારે ભલે પૂજાય છે કવિ....

પણ આપના આશિષે મહેંકે છે કવિ....

આપના આશિષે મહેંકે છે કવિ....

આપના સાહિત્યભીનાં, સંસ્કારવર્ધક આશીર્વાદની યાચના....

ૐ મા ૐ

## (૭) મસ્તી યજ્ઞ - પાલનપુર

પાલનપુરના ભક્ત શ્રી ચંદુભાઈ ત્રિવેદી અને પરિવાર દ્વારા પૂજ્ય ગુરુદેવના સાનિધ્યમાં તા. ૧૨-૧૧-૨૦૦૬ નારોજ બાલારામ બજેઠિયામાં મસ્તીયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું અમદાવાદ, ગાંધીનગર તેમજ ત્રિવેદી પરિવારના કેટલાક ભક્તોની ઉપસ્થિતિમાં સત્સંગ તેમજ પૂજ્યશ્રીના વિરાટત્ત્વને સમજવા માટે કેટલાક ભક્તોએ વાંકા સવાલો પૂછ્યાં હતાં, જેના સીધા સરળ જવાબો પૂજ્યશ્રીએ આપ્યા હતાં.

### વાંકા સવાલ - સીધા જવાબ

સ-૧ નવ સૂત્રોમાંથી એક જ સૂત્ર આપવાનું કહે તો આપ કયું સૂત્ર આપો અને કેમ ?

જ-૧ 'અહમ્‌નો ત્યાગ કરવો'. આ સૂત્રનો અમલ કરવામાં આવે તો વ્યક્તિમાં વિવેક, વિનય, વિનમ્રતાના ગુણો આપોઆપ જ ઉદ્‌ભવવા લાગે; અને બીજા આઠ સૂત્રોનું અનુસરણ પણ જીવનમાં થવા લાગે.

સ-૨ આપ માતાજીના સૈનિક જ કેમ બન્યા ? બીજું કાંઈ કેમ નહીં ?

જ-૨ સૈનિકમાં શિસ્તનો ગુણ હોય છે. સૈનિક જીવનની પ્રત્યેક પળે સજાગ રહે છે, આજ્ઞાંકિત અને ન્યોચ્છાવરી ભાવ નિખરતો રહે છે. સૈનિકનું શરીર સૌષ્ઠવ, સુસ્વાસ્થ્ય, ચપળતા, પ્રેમ - માતૃપ્રેમ - રાષ્ટ્રપ્રેમથી સમસ્ત વ્યક્તિત્વ ઓપતું હોય.

સ-૩ આપ માતાજીના પ્રવક્તા છો ?

જ-૩ હું માતાજીનો કોઈ સંપ્રદાયના સ્વરૂપમાં પ્રવક્તા નથી, પરંતુ પરમની સૃષ્ટિને કલુષિત કરતા પરિબળો, માનવમનમાં જામી ગયેલા અને સમાજમાં પ્રસરી રહેલા દૂષિત વાતાવરણને સાત્ત્વિકતામાં પરિવર્તિત કરવાનો પ્રયત્ન કરું છું, જેથી કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં શાંતિ, સમભાવ, સદાચાર અને સાત્ત્વિકતાનું વાતાવરણ પ્રસરાવી શકાય - વિકસાવી શકાય.

સ-૪ સરળતા આપનો શણગાર કેમ છે ? સરળતા પાછળ આપની વિચારધારા શું છે ?

જ-૪ હું માતાજીનો બાળ છું - મયુર બાળ છું બાળક હંમેશા સરળ જ હોય. સરળ વ્યક્તિત્વ જ લોકોના ચાહકોના પ્રેમ અને વિશ્વાસનું કેન્દ્ર બની શકે. સરળતામાં નિર્દોષતા છુપાયેલી છે.

સ-૫ સાવ અજાણી વ્યક્તિને આપ માતાજીના આદેશો સંભળાવો છો ત્યારે ક્ષોભ થાય છે ? ન થતો હોય તો કેમ ?

જ-૫ કોઈપણ વ્યક્તિ મને મળવા આવે કે મારી મુલાકાતે આવે ત્યારે તેને હું આત્મીય જ સમજું છું. આત્મીય વ્યક્તિ સાથે વિચારોનું આદાન-પ્રદાન કરવામાં કે આદેશો આપવામાં ક્ષોભ થાય નહિં. હું કોઈપણ વ્યક્તિને અજાણ્યો કે પરાયો ગણી શકતો જ નથી. મા ભગવતીના આપણે સહુ સંતાનો - આત્મીયજનો છીએ.

સ-૬ ભૌતિકતામાં ગળાડૂબ વ્યક્તિ પ્રથમ વાર મળે ત્યારે આપને કેવો ભાવ થાય છે ? મતલબ... આને શું કરવા કશું કહેવું.. જે માનતો જ નથી. આવું થાય ?

જ-૬ મને મળવા આવવાનો હેતુ જાણ્યા પછી જ યોગ્ય સલાહ સૂચન કે માર્ગદર્શન આપી શકાય, નહીંતર મૌન રહીને તેની વાતને વહેવા દઉં તે હળવો તો થઈ જ જાય. કદાચ તેનો અંતરાય, તેનો પ્રશ્ન આપોઆપ જ ઉકલી જાય.

સ-૭ આપના વ્યવસ્થાપકોમાં મોટેભાગે સ્ત્રીઓ જ કેમ ? બ્હેનજી, ઉષાબહેન, દીનાબહેન, લીલાબહેન, હર્ષાબહેન....

જ-૭ વ્યવસ્થાપકોમાં ભાઈઓ પણ છે જ... તમે, જશવંતભાઈ, લાલુભાઈ (બિરેનભાઈ), સુરતમાં ભૂલાભાઈ, મુંબઈમાં વિજયભાઈ, લંડનમાં પ્રદિપભાઈ, અમેરિકામાં રતિભાઈ, શીલુભાઈ, બાલુભાઈ, વગેરે વગેરે.. બ્હેનોમાં સેવાની ભાવના વધુ હોય, ગૃહકાર્ય પરવારી ૧૨ થી ૨ કે ૧૨ થી ૪ના સમય દરમિયાન સેવાયજ્ઞ માટે સમય ફાળવી શકે. સેવાયજ્ઞમાં ભાઈઓ - બ્હેનોની સ્વૈચ્છિક સેવા છે. સેવાની વ્યવસ્થા પણ માતાજીના માર્ગદર્શન અનુસાર સ્વૈચ્છિક રીતે જ ગોઠવાઈ જાય છે.

સ-૮ આપની વિચારધારાને - આદેશોને આપ પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવા ઈચ્છો છો ? ના તો કેમ ? હા તો ક્યારે ?

જ-૮ મારી વિચારધારા - આદેશો સમયાનુસારે સાહિત્ય રૂપે પ્રગટ થતી જ રહે છે. તેના માટે કોઈ વિશિષ્ટ આયોજનની જરૂર રહેતી નથી. છતાં પણ જુદા જુદા સમયે વહેતા વિચારોનું દોહન કરી રત્નકણિકાઓ, રાજવાણી, રાજરસાયણરૂપે પ્રગટ કરી શકાય.

સ-૯ આપને ભાવતી વાનગીઓ કઈ ?

જ-૯ માતાજીને જે ભાવે છે તે બધું જ તેના બાળને - મને ભાવે છે.

સ-૧૦ આપને કેવું વાતાવરણ ગમે ? પ્રકૃતિનું કે ઘરનું ?

જ-૧૦ મને બંને વાતાવરણ ગમે. પ્રકૃતિનું વિશેષ.

સ-૧૧ ભક્તિના દરેક પ્રકારને આપ પ્રાધાન્ય આપો છો. અર્થાત્ જપ, નૃત્ય અને ગાન તો ત્રણેયને કેવું કેવું મહત્ત્વ આપો છો ?

જ-૧૧ મંત્રજાપ ને હું વિશેષ અને વિશિષ્ટ પ્રાધાન્ય આપું છું. નૃત્ય અને ગાન-ગીત પ્રસંગોચિત, માહોલ અને ઉત્સવની ઉજવણીના વાતાવરણમાં આકસ્મિક થતાં રહે.

સ-૧૨ તીર્થયાત્રાને આપ કેટલું મહત્ત્વ આપો છો ? અને ના તો કેમ ?

જ-૧૨ જો આપણે સ્વયમ્ આપણી જાતમાં અને આપણા સ્થાનમાં જ તીર્થનું નિર્માણ કરી શકીએ તો પછી તીર્થયાત્રાની જરૂર રહેતી નથી. મારે મન તો માતાજી જ મારું તીર્થ છે, અને મન, વચન, કર્મથી આ પવિત્ર તીર્થની યાત્રા હું તો દરરોજ કરું છું.

સ-૧૩ માનવ સેવાના ક્યા ક્ષેત્રને આપ અપનાવવાનો આદેશ આપો છો ?

જ-૧૩ માનવ સેવાનું કોઈ વિશિષ્ટ ક્ષેત્ર જ ન હોઈ શકે. આપના હ્રદયમાં જ્યારે કોઈપણ વ્યક્તિ કે પ્રાણીમાત્ર માટે મદદ કરવાની અનુકંપા જાગે અને નિ:સ્વાર્થ ભાવે તેનો મન, વચન કર્મથી કે ધનથી આપની ક્ષમતા અનુસાર અમલ કરો તે ક્ષેત્ર ઉત્તમ ગણાય. સેવા શબ્દ અનાસક્ત ભાવ સાથે જ સંકળાયેલો છે.

સ-૧૪ આપ ભક્તોને કોઈ આવકાર સૂત્ર આપવા ઈચ્છો છો ? કોઈ પંથમાં જયસીયારામ, નમ:શિવાય, જયગુરૂદેવ કહે છે એ રીતે ? 'ના' તો કેમ ?

જ-૧૪ ભક્તોને માટે કોઈ આવકાર સૂત્ર આપવાની જરૂર જ રહેતી નથી. રોમેરોમમાં પ્રવાહિત થઈ રહેલો અને શ્વાસે શ્વાસમાં ધબકતો પરમનો ભાવ જ શબ્દરૂપે પ્રસ્ફૂટ થઈ જાય છે.

સ-૧૫ માતાજી આપને ફરી અવતાર આપે તો આપ શું માંગો ? મનુષ્યનો અને માતાજી પેટા પ્રશ્નો - એટલેફરી નોકરી, રાજીનામું.

જ-૧૫ મારે કશું જ માંગવાનું રહેતું નથી. માતાજીની ઈચ્છા, મરજી અને જરૂરિયાત જ મારે મન સર્વોપરી, શિરોમાન્ય, શિરોધાર્ય છે. હું તો માતાજીનું સાધન માત્ર બનવા માંગું છું.

સ-૧૬ આપને વસ્ત્રોનો શોખ કેમ છે ? જીવનમાં ઘણું ત્યાગ્યું છે તો વસ્ત્રશોખ કેમ નહિં ?

જ-૧૬ વસ્ત્રોનો શોખ મારા જન્મોજન્મના વ્યક્તિત્વ સાથે જ સંકળાયેલો હશે. માતાજીની મરજી હશે અને જરૂર જણાશે તો તેનો પણ ત્યાગ થશે. માતાજીનો બાળ છું એટલે માને ગમે તેવું જ કરવાનો, પહેરવાનો અને ત્યજવાનો અભિગમ હું સ્વીકારું છું, અપનાવું છું.

સ-૧૭ આપ પ્રતિષ્ઠા, પ્રચાર, પ્રસિદ્ધિથી દૂર કેમ રહો છો ?

જ-૧૭ સામાન્યમાં સામાન્ય અને અદના આદમીની સેવામાં અંતરાય ઉભા ન થાય, વળી સેવાનો સમય પ્રતિષ્ઠા, પ્રચાર અને પ્રસિદ્ધિ માટે ફાળવવો પડે તો માતાજી પાસે સાક્ષાત્કાર વેળાએ માંગેલું અને માતાજીએ સહર્ષ આપેલું સેવાનું વરદાન નિભાવી શકાય નહિં.

સ-૧૮ પ્રેતાત્મા મુક્તિ વખતે આપને ડર લાગે છે ? 'ના' તો કેમ ?

જ-૧૮ મને ડર લાગતો નથી. કારણ કે પ્રેતાત્મા પણ એક અધૂરી વાસનાથી પીડિત જીવ જ છે. પ્રેતયોનિમાં જીવતા - ભટકતા જીવો.... આ યોનિમાં મુક્તિ ઈચ્છતા પ્રેતાત્માઓને જોઈને અનુકંપા જાગે છે અને પ્રેતાત્મા શાંતિ-મુક્તિની વિધિપૂર્ણ થતાં આ યોનિમાંથી મુક્ત થતાં જીવોને જોઈને હર્ષની લાગણી અનુભવું છું. પ્રેત પણ પરમાત્માનું જ સર્જન છે તો પછી ડરવાની શી જરૂર !

સ-૧૯ ભૂકંપ નિવારણ વિધિ વખતે ક્યારેય આપનું મનોબળ કે આત્મવિશ્વાસ ડગ્યો છે ? 'ના' તો કેમ ? 'હા' તો કેમ ?

જ-૧૯ ના જી. માતાજીનો આદેશ હોય, પ્રેરણા અને પીઠબળ હોય, માતાજીની સતત હાજરી અનુભવાતી હોય અને મેં કર્યાનો ભાવ જ ન હોય તેથી મનોબળ કે આત્મવિશ્વાસ ડગે નહિં.

સ-૨૦ કોઈપણ સેવાના આપના પ્રયત્નો નિષ્ફળ જાય તો આપનો કેવો મનોભાવ થાય છે ? શાથી ? દુઃખ ના થતું હોય તો કેમ ?

જ-૨૦ મારા દ્વારા થતાં સેવાના કાર્યોમાં હું મારી જાતને એક સાધન માત્ર જ ગણું છું, એટલે શુભ કે અશુભ પરિણામ ને માતાજીની મરજી જ સમજવાની ક્ષમતા મેં કેળવી લીધી છે. તેથી સુખ દુઃખનો ભાવ મનને વિચલિત કરી શકતો નથી.

*ૐ મા ૐ*

# (૮) વિચાર આચારથી જ દીપે છે

## રામનવમી

*પૂ. રાજયોગી નરેન્દ્રજી* *તા. ૨૭-૦૩-૨૦૦૭*

*વ્હાલા અયોધ્યાવાસીઓ,*

આજે રામનવમી છે. રામજીના જીવનનું અને કાર્યનું ચિંતન કરી આપણી વ્યક્તિગત ક્ષમતા અનુસાર તેને અપનાવવાનો, આત્મસાત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. રામરસનો પ્યાલો દરરોજ પીવો જોઈએ.

રામજીના જીવનનો એક પ્રસંગ છે. રામજીના બાણથી ઘવાઈને રાવણ હણાયો અને રણમેદાનમાં જીવનના છેલ્લા શ્વાસ ઘૂંટવા લાગ્યો ત્યારે રામજીની આંખમાં આંસુ આવી ગયાં. રામજીની અશ્રુભીની આંખડી જોતાં લક્ષ્મણજી ગદ્‌ગદિત થઈ ગયા અને પૂછ્યું કે "ભૈયા, શત્રુ હણાયાનો આનંદ થવાને બદલે આંખડી કેમ ભીંજાઈ છે?"

રામજી કહે ભાઈ, દુઃખ એટલા માટે છે કે દુનિયાનો એક વેદવિશારદ, સંગીત વિશારદ, યુધ્ધ વિશારદ, શક્તિશાળી યોધ્ધો આજે દુનિયામાંથી ઓછો થાય છે, એનું મને દુઃખે છે એની પાસે ઘણા નીતિ સૂત્રો છે પરંતુ તેના મૃત્યુ પછી આ બધું કાયમ માટે અંધારામાં રહી જશે, માટે તું એની પાસે જઈને તું નીતિ સૂત્રો સમજી આવ. લક્ષ્મણ રાવણ પાસે આવીને કહે છે. " લંકાપતિ, મારા મોટાભાઈ શ્રી રામજી આપની વિદાય વેળાએ વ્યથિત થયા છે. તેઓશ્રી ઈચ્છે છે કે આપની પાસે જે જે અગત્યના નીતિ સૂત્રો છે તે અંધકારમાં જ રહી ન જાય માટે આપ તેની સમજ મને આપો જેથી લોકકલ્યાણ અર્થે તેનો ઉપયોગ કરી શકાય."

ભગવાન રામજીની કરુણા જોઈ રાવણની આંખ અશ્રુભીની થઈ ગઈ, અને બોલ્યા કે "લક્ષ્મણ, મેં સમજી વિચારીને જ આ યુધ્ધ નોતર્યું છે. ભગવાન રામજીના હાથે જ મારે મરવું હતું. અનંતકોટિ બ્રહ્માંડનો નાથ ક્યા નીતિસૂત્રોથી અજાણ છે.!" મને લાગે છે કે મેં જીવનમાં, જીવન જીવવામાં મોટી ભૂલ કરી છે.

વાણીનો ખોટો વ્યય - બડબડાટ કરવામાં મેં જીવન વેડફી નાખ્યું છે. સત્તા, સમૃધ્ધિ અને બાહુબળના નશામાં મેં મારું જીવન સમાપ્ત કરી નાખ્યું છે. મારી પાસે સુંદર વિચારો હતા સરસ આયોજન હતું ભરપૂર શક્તિ હતી. આ બધું હોવા છતાં હું તેને આચરણમાં મૂકી શક્યો નહિં. કાર્યાન્વિત કરી શક્યો નહિં. જીવનના અંતિમ શ્વાસે હું પસ્તાઈ રહ્યો છું."

રાવણની જેમ જીવનની સંધ્યાએ પસ્તાવાનો વારો ન આવે એટલા માટે મનમાં જે શુભ વિચાર આવે તેને તરત જ વિવેકના ગરણે ગાળીને આચરણમાં મૂકી દો. વિચાર તો વાયુ જેવો છે, વહેવા લાગી જશે. શુભ વિચારને સંકલ્પ શક્તિનું બળ પૂરું પાડો, આચરણમાં મૂકો, અને શુભ પરિણામનો આસ્વાદ માણો.

વિચાર એ કાર્યનું બીજ છે. વિચારરૂપી બીજ પવિત્ર છે, કિંમતી છે પરંતુ તેને અંકુરિત

થવા માટે યોગ્ય આચરણ જરૂરી છે. વિચાર જ્યારે કાર્યાન્વિત થતો નથી ત્યારે તે વિચાર તરંગ બની જાય છે. આવા વિચારોના તરંગોમાં રાચનાર વ્યક્તિ માનસિક સ્વસ્થતા ગુમાવે છે.

વિચારમાંથી નિશ્ચય થાય, સંકલ્પ થાય અને પછી અમલમાં મૂકાય ત્યારે જ વિચાર કાર્યાન્વિત થાય, પ્રગતિ કરી શકે.

જીવનમાં અગળ વધવું હોય તો, જાગો, ઉઠો, મહેનત કરો, અને ધ્યેય સિધ્ધ થાય ત્યાં સુધી સતત કાર્ય કરો.

સંતો, મહામાનવો અને સામાન્ય માનવ વચ્ચે જો કોઈ ફરક હોય તો તે એટલો જ છે કે સંતો, મહામાનવો જેવું વિચારે છે, તેવું જ બોલે છે અને તેવું જ આચરે છે. જ્યારે સામાન્ય માણસ વિચારે છે કંઈક, બોલે છે વધુ અને આચરણમાં શૂન્ય કે નહિંવત્ હોય છે. વાણી અને વર્તનની અસમાનતા સજ્જનને શોભા આપતી નથી.

મન, વાણી અને કર્મમાં - વર્તનમાં એકસૂત્રતા જાળવી શકે એ જ વ્યક્તિ મહાત્મા બની શકે. આપણે આપણામાં રહેલા રાવણતત્વને વિદારીને રામતત્વનો વિકાસ કરવાનો, આત્મસાત કરવાનો પ્રયાસ કરીએ.

ૐમાૐ

## અદ્‌ભૂત મિલન

**છે આજ ચૈત્ર સુદી સપ્તમીને, નિરખી કૃષ્ણ-લીલા ડાકોર મધ્યે.**
**ઉભો રાય (રણછોડ) આતુર, શીદ વાટ જુએ? ચાહે ભેટવા, રાજયોગી સખાને,**
**ઉભય પક્ષ અધીરા, મિલનનું વિચારે, ઠાકોર રાજ-મારગે મીટ માંડે,**
**વિખૂટા પડેલા બે સખા (ના) મિલનનો, લીધો છે લ્હાવો, ભક્તોએ અનેરો.**
**ઢળતી બપોરે, ચાર વાગે, દોડી આવ્યો નટખટ, આલિંગે સખાને,**
**"થાક્યો રાહ જોઈ, આવ્યો કેમ મોડો?" ઠપકો મીઠો દીધો કૃષ્ણે સખાને.**
**"આદેશ પરમનો, નથી કાંઈ અમસ્તો, રક્ષા - સુરક્ષામાં તું માધ્યમ અમારો."**
**બોલાવવાનું આ માત્ર બહાનું, ભવોની તૃષા છીપાવવાનું ટાણું."**
**"સ્મરણ આજ જૂનાં હજુ યાદ આવે, હાલો, રાસ રમીએ, ચાહું હું આજે."**
**"ઉત્કૃષ્ટ મિલન છે હજુ યે અધૂરું, તો યે આજ લાગ્યું મધુરું મધુરું."**
**"માહાત્મ્ય તારું, વધારું છું આજે, ભક્ત જે પિછાને, બેડો પાર થાશે."**

**ૐમાૐ**

**ભૂપેન્દ્ર પ્ર. વ્યાસ. તા. ૨૭-૩-૨૦૦૭**

# (૯) રાજવાણી

## (૧) સંતોષનું સામ્રાજ્ય પ્રસ્થાપિત કરીએ .....

અંક : ૩૪ એપ્રિલ - ૨૦૦૬

સીડીના પહેલા પગથિયેથી પડનાર વ્યક્તિને થોડું વાગે છે પરંતુ સીડીના છેલ્લા ટોચના પગથિયેથી પડનાર વ્યક્તિને કદાચ હોસ્પિટલના બિછાને પડવું પડે છે કે લાંબી મેડીકલ સારવારમાં ફસાઈ જવું પડે છે. સાવચેતીથી અને સભાનતાથી સીડી ચઢનાર વ્યક્તિ સહેલાઈથી ટોચ સુધી પહોંચી શકે છે.

આપણા પુરુષાર્થ અને પ્રારબ્ધના બળે આપણે કદાચ ધન સંપત્તિ, યશ, કીર્તિ અને સન્માનના શિખર સર કરી શકીએ અને સન્માનના અધિકારી બની શકીએ પરંતુ સાથે સાથે આ બધું લૂંટાઈ ન જાય કે કોઈ ઇર્ષ્યાનો ભોગ ન બનવું પડે તેનો ભય સતત સતાવ્યા કરે છે.

આપણી માલિકીની ગમે તેટલી અઢળક સંપત્તિ હોય, અગણિત સાધન સગવડો હોય, આલિશાન મકાન હોય પરંતુ માનવ કાયા માટે કેટલું જોઈએ ? કાયા સમાઈ શકે તેટલી સૂવાની કે બેસવાની જગ્યા, ભૂખ સંતોષાય તેટલું જમવાનું, સ્વાદિષ્ટ વ્યંજનોનો સ્વાદ જીભ સુધી જ રહેવાનો. ઉંઘ આવી જાય ત્યાં સુધી જ મુલાયમ ગાદી, તકિયા, રજાઈની કિંમત રહેવાની.

પરમાત્માએ બક્ષેલ માનવજીવનનું આયોજન કરવામાં આવે તો જીવનના જન્મથી ૨૫ વર્ષનું આયુષ્ય ખેલકૂદ, શિક્ષણ અને વિકાસના ક્ષેત્રમાં વહાવવામાં વ્યતિત થઈ જાય છે. ૨૬ થી ૬૦ વર્ષ સુધી ગૃહસ્થજીવન ભોગવવામાં ધન સંપત્તિ ઉપાર્જન કરવામાં, સંતાનોના ઉછેર, શિક્ષણ, સંસારમાં સ્થિર કરવામાં વ્યતિત થઈ જાય છે. ૬૧ વર્ષથી અંતિમ શ્વાસ સુધી સંસારની લીલીવાડીના વિવિધ રસ માણવાની સાથે સાથે અધ્યાત્મ ઉપાર્જનમાં પ્રવૃત્ત થઈ જવું જોઈએ. સાત્વિક, સમૃદ્ધ, સુખી, પ્રારબ્ધ નિર્માણ કરવામાં જ સમસ્ત અસ્તિત્વને જોડી દેવું જોઈએ. ઉપાસના, સેવા સ્વાધ્યાય, સત્સંગ, સંતસમાગમ અને પરમની જડ ચેતન સૃષ્ટિના સૌંદર્યને માણવામાં, સંવારવામાં સમયનું આયોજન કરવું જોઈએ. સંસારની અને સમાજની સમસ્યાઓ સુલઝાવવામાં પ્રેરણા પ્રદાન કરીએ, માર્ગદર્શક બનીએ.

આપણી એષણાઓ, ઇચ્છાઓ, વાસનાઓને નિયંત્રિત કરી મનોબળ મજબૂત કરીએ.

આપણી બુદ્ધિ, શક્તિ અને ક્ષમતાને વિકસાવીએ, અસંતોષ, ઇર્ષ્યા, અહમ્, લોભને ઓળખીએ અને આપણા મનમાં પ્રવેશબંધી ફરમાવીએ. સંતોષની સીમા રેખા હંમેશા દોરી રાખીએ. સુખ અને શાંતિનો અનુભવ સંતોષના સામ્રાજ્યમાંથી જ મળી શકશે.

**ૐ મા ૐ**

## (૨) અર્પણનું તર્પણ

**અંક : ૩૫** **મે - ૨૦૦૬**

ઉનાળામાં કેરીની સિઝન છે એટલે મને એક પ્રસંગ યાદ આવે છે. ૮૦-૮૫ વર્ષના એક દાદા તેમના ખેતરમાં આંબો વાવી રહ્યાં હતા. પડોશના છોકરાઓએ ટીખળથી પૂછ્યું દાદા, આ શું કરો છો ? શું કામ આ ઉંમરે આટલી બધી મહેનત કરો છો. દાદાએ કહ્યું, "બેટા, હું આંબો વાવું છું, મને મહેનત કરવી ગમે છે." છોકરાઓએ કહ્યું "દાદા, આંબા ઉપર ફળ ક્યારે આવશે અને તમે ખાશો ક્યારે ?

"દીકરા આ તો માનવ જાતને અર્પણ કરવા માટેનું હું તર્પણ કરી રહ્યો છું." દાદાએ કહ્યું, "જુઓ આ જે આંબા ઉપર ફળ આવી ગયા છે અને આપણે કેરીઓની મઝા માણી રહ્યાં છીએ, તે આંબા મારા વડવાઓએ વાવેલા છે. આ આંબાઓની શીળી છાયા અને મીઠાં ફળની મઝા હું માણી રહ્યો છું, તો મારી પણ ફરજ છે અને એક નૈતિક જવાબદારી છે. મારી ભાવિ પેઢી પણ આંબાની શીળી છાયા અને મીઠી કેરીઓની મઝા માણી શકે.

આ પ્રસંગ પરથી એક વસ્તુ તો સ્પષ્ટ છે કે આપણે સમાજને કંઈક આપી જઈએ. આપણામાં રહેલી અર્પણની ભાવનાને વિકસાવવાની છે. લેવાનું બધાં જ પસંદ કરે, આપવાનું વિરલા જ કરે. જેના જીવનમાં સ્વનિર્મિત સંયમના કિનારા હોય તે વ્યક્તિ જ મહાન કાર્યો કરી શકે. જીવનને અનુશાસિત કરીએ તો જ જીવનમાં વિકાસ સાધી શકાય.

નદીને કિનારા છે. વહેતી નદીના પાણીને કિનારા સંયમમાં રાખે છે. કિનારા તૂટી જાય તો નદી સાગરને મળી શકે કે ભેટી શકે નહિ, અધવચ્ચે જ સૂકાઈ જાય. માનવજીવનમાં પણ ધ્યેય સુધી પહોંચવું હોય તો સંયમ અને શિસ્તના કિનારાની વચ્ચે જ જીવનને વહેતું રાખવું પડે. નહિતર જીવન વેડફાઈ જશે, કશું જ હાંસલ કરી શકાશે નહિ, સિદ્ધિ મેળવી શકાશે નહિ.

માનવતાને વિકસાવવી હોય તો આપણા મનમાં અભય-નિર્ભયતા હોવી જોઈએ અને હાથ પગમાં પુરુષાર્થ કરવાની ક્ષમતા જોઈએ. આપણા વાણી, વર્તન અને વ્યવહારમાં સંયમ જોઈએ. અભય, પુરુષાર્થ અને સંયમ-શિસ્તના ત્રિવેણી સંગમથી જીવનમાં વિકાસ સાધી શકાય, આપણી સિદ્ધિ, આપણો વિકાસ સમષ્ટિના શ્રેયાર્થે ઉપયોગમાં લાવી શકાય તો જ આપણે "અર્પણનું તર્પણ કરી શકીશું."

**ૐ મા ૐ**

## (૩) બધાનું સન્માન કરો

અંક : ૩૬ જૂન - ૨૦૦૬

સર્વત્ર પરમાત્માનો વાસ છે, કણ કણમાં પરમાત્મા બિરાજે છે એમ સમજીને બધાંનું સન્માન કરો. તમે જો અન્યનું સન્માન ન કરી શકતા હો તો ચૂપ રહો. પરંતુ કોઈનું અપમાન તો કરશો જ નહિ. નાના-મોટા સર્વ વર્ગના લોકોના હ્રદયસિંહાસન પર આસન જમાવવું હોય તો તમારા સ્વમાનની અવગણના કરીને બીજાનું સન્માન કરો. બીજાના સ્વમાન પર તરાપ

ન મારો, તેને અપમાનિત ન કરો. તેમની નાનામાં નાની આવડતની નોંધ લઈ, પ્રસંશા કરવાનું ચૂકશો નહિ. ઉપેક્ષા કોઈની પણ ન કરો. અપેક્ષા રાખીને દુઃખી ન થાઓ. બીજાઓ પાસેથી જેવા સદ્‌વ્યવહાર અને વર્તનની આપણે અપેક્ષા રાખતાં હોઈએ તેવો જ આદરયુક્ત, સહાનુભૂતિયુક્ત વ્યવહાર અને વર્તન તેમના પ્રત્યે રાખવો જોઈએ. તમારી સારી, સીધી અને સાચી વાત બીજાને પ્રેમપૂર્વક જરૂર કહો પરંતુ બીજાઓ તમારી એ વાતને સ્વીકારી જ લેશે તેવો દુરાગ્રહ રાખવો જોઈએ નહિ. તમારી વાત ન માનનાર પ્રત્યે ધિક્કારની કે તિરસ્કારની લાગણી પેદા થવા ન દો. વાતનો સ્વીકાર કરાવવા કરતાં વાત સમજાવવાનો પ્રયત્ન કરો.

તમારી વાતનું સમર્થન થાય એવી આશાથી કોઈનો અભિપ્રાય ન લો પરંતુ માર્ગદર્શન મેળવવા પ્રયત્ન કરો અને ભૂલ બતાવે તો સહર્ષ સ્વીકારી લો. ભૂલ બતાવનાર પ્રત્યે શંકા સેવશો નહીં.

તમારા કહેવા પ્રમાણે કદાચ કોઈ ન વર્તે તો કદી પણ દુરાગ્રહ રાખશો નહિ કે ખોટું લગાડશો નહિ અને તેના પ્રત્યે દ્વેષભાવ પણ રાખશો નહિ. તમારા અભિપ્રાયની કે સલાહની અવગણના કરવાથી તેનું વિપરિત પરિણામ આવે કે નુકસાન થાય તે વેળાએ તેને મહેણું કદાપિ મારશો નહિ. પરંતુ તે વેળાએ તેની સાથે પ્રેમભાવથી, સહાનુભૂતિથી વર્તો અને યથાસમયે જરૂર જણાય તો સારી સલાહ આપો અને તેના જીવનને સન્માર્ગે વાળવાની કોશિષ કરો.

કોઈ માણસમાં એકવાર દોષ દેખાય કે તે ભૂલ કરે તો તેના માટે પૂર્વગ્રહ બાંધી દેવો નહિ. ગુલાબની સાથે કાંટા હોય છે. તેમ દરેક વ્યક્તિમાં બંને જાતના સારા અને ખોટા ગુણો હોય છે. ડાહ્યા અને સમજુ સાથીદારોએ ગુલાબને ઓળખીને કાંટા કાઢી નાખવા જોઈએ. ગુણગ્રાહી બનવા પ્રયત્ન કરવો જોઈએ. એક વસ્તુનો ખાસ ખ્યાલ રાખો કે, નાનામાં નાની વ્યક્તિ, બાળક, નોકર કે કોઈપણ વ્યક્તિનું બીજાની હાજરીમાં અપમાન ન કરો. તેને ઉતારી ન પાડો. દરેકને પોતાનું સ્વમાન વહાલું હોય છે. ભૂલ સુધારણાનો કે સલાહસૂચન, ચેતવણી આપવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો એકાંતમાં બોલાવીને શાંતિથી કહેવું જોઈએ. પ્રેમપૂર્વક તેની ભૂલ સમજાવો. સફળતા તમને જરૂર મળશે જ, સાથે સાથે તેના હ્રદયમાં તમારા માટે માન વધી જશે.

ૐ મા ૐ

## (૪) પરમાત્માના પ્રદેશમાં જ વિહરવાનું પસંદ કરો

**અંક : ૩૭** **જુલાઈ - ૦૬**

જીવનયાત્રા દરમિયાન જીવન વ્યવહારમાં સુખ, શાંતિનો અનુભવ કરવો હોય અને ગૌરવભેર સ્વમાનથી જીવવું હોય તો મનને પ્રભુચિંતનમાં જ વ્યસ્ત રહેવા દો. સંસારનું કાર્ય પૂરી નિષ્ઠાથી પરમની પૂજા સમજીને પૂર્ણ કરવા હંમેશા પ્રયત્નશીલ રહેવું.

કામ અને કારણ વગર વાણીને વહાવવી નહિ. વણમાગી સલાહ આપવી કે સલાહકાર બનવાનું ટાળવું જોઈએ. વાણીનો દુર્વ્યય ન કરો. કોઈનું દિલ દુભાવવાની ચેષ્ટા ક્યારેય ન

કરો. ચાડી, ચુગલી અને નિંદાના વ્યવહારથી વાણીને ક્યારેય અભડાવશો નહિ.

જીવનની અનિવાર્ય ફરજો નિભાવતાં નિભાવતાં અને નિભાવ્યા પછી પણ મનને સદ્‌વિચારો, સદ્‌ચિંતન, પ્રભુસ્મરણ અને મૌનના - ધ્યાનના પ્રદેશમાં જ વિહરવા દો. ગીતામાં પ્રભુએ વચન આપ્યું છે કે, “તું મારામાં મનવાળો થા” હું તારું યોગક્ષેમ કરતો રહીશ.”

મનથી પણ કોઈનું અહિત ન ઈચ્છો, તિરસ્કાર ન કરો, અહમ્‌ને મનમાં પ્રવેશ ન આપો. શોક, દુઃખ, વિષાદની પળોનું આયુષ્ય વધવા ન દો. પ્રભુ સ્મરણથી, મંત્રજાપથી તેને સમાપ્ત કરી દો. દયા, પ્રેમ, સેવા અને સહાનુભૂતિની સંપત્તિમાં સતત વધારો કરતાં રહો. કોઈના દોષ જોવા જાણવાની ઈચ્છા ન રાખો, સર્વત્ર પરમાત્માને જ જોવાનો અભ્યાસ રાખો.

બધા જ વિષયોમાં પોતાની જાતને પારંગત ન માનો. તન, મન, ધનથી યથાયોગ્ય પ્રાણીમાત્રની સેવા કરો. અણહકનું લેવાનો વિચાર ન કરો. ઈન્દ્રિયનિગ્રહ કરો. સંતોષનો ભાવ કેળવો, જીવનમાં સાદાઈ અને સરળતા અપનાવો.

રાગ, દ્વેષ, ઘૃણા, દંભ, વેર, નિંદા વગેરે અસત્ વૃત્તિઓ પરમાત્માના પ્રદેશમાં - ઉપાસનામાં આડખીલીરૂપ, બાધારૂપ બને છે આ બધાને અંકુશમાં રાખવાનો પ્રયત્ન કરો, સતત જાગૃતતા કેળવો. શ્રદ્ધા, શરણાગતિભાવ અને પ્રાર્થનાના માધ્યમથી પરમાત્માના પ્રદેશમાં જ વિહરવાનું પસંદ કરો.

સત્સંગ, સંતસમાગમ અને સ્વાધ્યાયના વાતાવરણમાં જ રહેવાનું પસંદ કરો.

ૐ મા ૐ

## *(૫) ઘર એ મૂંગી શાળા છે.*

**અંક : ૩૮** **ઓગષ્ટ - ૨૦૦૬**

ઘર એ મૂંગી શાળા છે. માતાપિતા આ શાળાના શિક્ષકો છે. માતાપિતાના વાણી, વર્તન અને વ્યવહારની છાપ બાળ માનસ પર પડતી રહે છે. સ્વચ્છતા, સંયમ, સહનશીલતા, ક્ષમા, સત્યપાલનનો આગ્રહ વિગેરે સદ્‌ગુણોથી બાળ માનસનું ઘડતર થાય છે, ચારિત્ર્ય નિર્માણ થાય છે, પોતાનું રોજિંદું કામ પોતાની જાતે જ કરવાનો નિયમ માતાપિતા પોતે રાખે અને બાળકોને પણ પોતાનાથી થઈ શકે તેવું કામ જાતે જ કરતાં શીખવાડે તો બાળકો સ્વાશ્રયી બની શકે. શ્રમનો મહિમા સમજનાર બાળક હંમેશા સ્વાવલંબી બની શકે. બાળકને કામ કરતો ક્યારેય અટકાવવો નહિ, તેમજ કોઈપણ કામ કરવામાં નાનમ અનુભવવા ન દો.

નાનામાં નાના કામ જો જાતે કરી શકવાની ક્ષમતા હોવા છતાં અન્યની મદદની અપેક્ષા રાખવામાં આવે તો બાળક પરાધીન બની જાય, આળસુ બની જાય. બાળકો કે મોટાંઓ પરાવલંબી ન બને પોતાનાં કામ પોતે જ કરે એવા સંસ્કારો માબાપે બાળકોને આપવા જોઈએ.

બાળપણમાં આપણે જે સંસ્કારો, મેળવીએ છીએ, આદતો પાડીએ છીએ તે જ આગળ જતાં જીવનયાત્રામાં કામ લાગશે. ભાવિ સુખી અને સમૃદ્ધ બનશે.

શાળાના શિક્ષણમાં અભ્યાસની સાથે સાથે જીવનમાં ઉપયોગી થાય, ગૃહજીવનમાં કામ

આવે તેવું શિક્ષણ પણ આપવું જોઈએ. અભ્યાસ દરમિયાન અપાયેલું જીવન ઉપયોગી શિક્ષણ બાળ માનસમાં એક સંસ્કાર રૂપે વણાઈ જાય છે.

ઘરની સજાવટ, વસ્તુઓની ખરીદી, મહેમાનોનું સ્વાગત, ઘરના પ્રશ્નોની પ્રસંગોની ચર્ચામાં બાળકોને સામેલ રાખવાથી, તેમના સૂચનો આવકારવાથી બાળકોમાં આત્મવિશ્વાસ જાગૃત થાય છે. તેમની નાની-મોટી સફળતાની નોંધ લઈ તેમને બિરદાવવામાં આવે તો તેમનામાં આત્મ ગૌરવ જાગૃત કરી શકાય અને વધુ સિદ્ધિઓ હાંસલ કરવા માટે દૃઢ સંકલ્પ શક્તિ કેળવી શકે.

શાળાનું શિક્ષણ, ઘરનો સંસ્કાર વારસો અને યોગ્ય વાતાવરણ બાળકોને સ્વાવલંબી, આદર્શ અને મહાન વ્યક્તિત્વનું નિર્માણ કરવામાં ભાગ ભજવી શકે છે.

ૐ મા ૐ

## (૬) સંકલ્પ શક્તિ

**અંક : ૩૯** **સપ્ટેમ્બર - ૦૬**

વિચાર અને સંકલ્પ બંનેમાં શું તફાવત છે ? વિચાર એ પ્રવાહ માત્ર છે. વિચારના પ્રવાહને રોકીને તેમાંથી પ્રચંડ શક્તિ પ્રવાહ ઉત્પન્ન કરવાની ઈચ્છા એટલે જ સંકલ્પ. એક સબળ હ્રદયની ઈચ્છા આગળ હજાર નિર્બળતાઓ કંપે છે. હ્રદયને સબળ અને મનને મજબૂત બનાવીએ, ઈચ્છા શક્તિને જાગૃત કરી સંકલ્પ શક્તિને દૃઢ બનાવ્યા પછી અશક્ય જેવું કંઈ જ રહેશે નહિ.

દૃઢ સંકલ્પ એ આપણી ઉચ્ચ, તીક્ષ્ણ બુદ્ધિ છે જેના દ્વારા જગતને જીતી શકાય છે. જગતને જીતવા માટે માણસોને દુશ્મન ગણવાને બદલે સંજોગોને દુશ્મન ગણો અને સંજોગોને જીતી લ્યો, સંજોગો પર જીત મેળવો. દૃઢ સંકલ્પ શક્તિ ધરાવનાર વ્યક્તિ પાસે બે હાથ હોવા છતાં બારસો હાથનું બળ હોય તેવી ખુમારી તેના મનમાં હોય છે. પરમાત્માએ બળ - શક્તિ તો દરેક વ્યક્તિને આપી જ છે, ફક્ત સંકલ્પ શક્તિ - નિશ્ચયબળની જ ઉણપ હોય છે જે કેળવવાની જરૂર પડે છે.

સાચો પુરુષાર્થ તો એ કહેવાયકે, જ્યારે માણસ પોતાની સંકલ્પ શક્તિથી પોતાની તમામ તાકાત સાથે ગમે તે કામમાં ઝુકાવે, પરાજયથી પાછો ન પડે, નિરાશ ન થાય, પોતાનું સ્વપ્ન-ધ્યેય સિદ્ધ કરીને જ ઝંપે. આવેશ અને ઈચ્છાશક્તિ અશક્યને શક્ય બનાવી દે છે. પુરુષાર્થ કરનાર વ્યક્તિને માટે અશક્ય જેવું કાંઈ છે જ નહિ. સંકલ્પબળ એ જીવનસિદ્ધિ અને સફળતાનો રાજમાર્ગ છે.

સાચા દિલથી, શંકા સેવ્યા વગર, બહાનાં બતાવ્યા વગર, નિર્ણયમાં મક્કમ રહીને કામ કરવાથી, પુરુષાર્થ કરવાથી સફળતા મળશે જ.

ૐ મા ૐ

# (૭) લક્ષ્મીજીની પ્રસન્નતા

**અંક : ૪૦** **ઓક્ટોબર - ૦૬**

દિવાળીના દિવસો, ઉત્સાહના દિવસો, પ્રકાશના દિવસો. આ દિવસોમાં લક્ષ્મીજીને આવકારવા સહુ કોઈ ઉત્સુક હોય છે. ધનતેરસને દિવસે લક્ષ્મીપૂજન થાય છે. આંગણામાં દીવા પ્રગટાવવામાં આવે છે પરંતુ લક્ષ્મીજી બધાંની મનોકામના પૂર્ણ કરતાં નથી. લક્ષ્મીજીના આપણે સહુ બાળકો છીએ તો પછી આવી વિષમતા કેમ ?

લક્ષ્મીને પ્રસન્ન કરવા માટે ઘરના આંગણામાં દીવો પ્રગટાવવાની સાથે આપણા મનનાં મંદિરમાં વિવેકનો દિવો પ્રગટાવવો જોઈએ. આપણી અંદર રહેલા અસાત્વિક, દુવૃત્તિઓ, કુટેવોના કચરાને, ગંદકીને દૂર કરવા જોઈએ. સદાચાર વગરની લક્ષ્મીજી ઘરમાં સ્થિર રહી શકતી નથી. સદાચાર સુદ્દઢ નહીં થાય ત્યાં સુધી લક્ષ્મીજીને ઘરમાં રહેવાનું ગમતું જ નથી. જ્યાં સુધી વ્યવહારમાં અને વેપારમાં પ્રમાણિકતા, સદાચાર, નૈતિકતા નહિં હોય ત્યાં સુધી લક્ષ્મીજી નારાયણ સાથે વાસ કરી શકતાં નથી અને ઘરમાં સુખ, શાંતિ અને ધાર્મિક વાતાવરણ અનુભવી શકાતું નથી.

એક દિવસ દેવરાજ ઈન્દ્રને બલિરાજાનું મિલન થયું. બંનેની વાતચીત દરમિયાન બલિરાજાના શરીરમાંથી દિવ્યપ્રકાશની સાથે લક્ષ્મીજી પ્રગટ થયાં અને દેવરાજ ઈન્દ્રને કહેવા લાગ્યા કે “દેવરાજ મારા ચાર ચરણ છે. બલિના રાજ્યમાં હું ચોથું ચરણ સ્થિર કરી શકતી નથી. બલિરાજાના રાજ્યની પ્રજા અસાત્વિક દુરાચારી છે જેથી મને ત્યાં ફાવતું નથી. “હું આપના રાજ્યમાં આવવા માગું છું, આપ મારા ચાર ચરણ કેવી રીતે સ્થિર કરશો ?”

ઈંદ્રરાજાએ સવિનય જવાબ આપ્યો કે, “લક્ષ્મીજી હું આપનું સહર્ષ સ્વાગત કરું છું, આપના ચાર ચરણને હું આપની ઈચ્છા અનુસાર આ પ્રમાણે સ્થિર કરીશ.

આપનું પ્રથમ ચરણ અમારી ધરતી પર મૂકો. અમારા પુરુષાર્થના પસીનાથી અમે ધરતીમાતાને સાક્ષાત્ અન્નપૂર્ણા બનાવી છે. આપશ્રી પણ સાક્ષાત્ અન્નપૂર્ણા છો.

આપનું દ્વિતીય ચરણ અમારી જલરાશિ પર મૂકો. અમારી જલરાશિ અમૃત સમાન છે. અમારી બુદ્ધિબળ અને શક્તિથી અમે જળરાશિને સુનિયંત્રિત બનાવી, જીવનદાત્રી બનાવી છે. આપના શુભ આગમનથી અમારી જલરાશિમાં વૃદ્ધિ થશે.

આપનું તૃતીય ચરણ અમારા અગ્નિતત્ત્વ પર મૂકો. અમારી જનશક્તિ અગ્નિતત્ત્વથી ભરપૂર છે. અગ્નિતત્ત્વના સુનિયંત્રણ અને આયોજનથી અમારી ધરતીના વિકાસના કાર્યોને વિકાસલક્ષી બનાવી શક્યા છીએ. આપનું ચોથું ચરણ અમારી પ્રજા પર મૂકો. અમારી પ્રજા સદાચારી અને પરાક્રમી છે. આપનું અમે હ્રદયપૂર્વક સ્વાગત કરીએ છીએ. આપની ઉપસ્થિતિથી અમે વધુ સદાચારી અને પરાક્રમી બની શકીશું.

ઈંદ્રદેવના પ્રસ્તાવથી લક્ષ્મીજી ખુશ થઈ ગયા. લક્ષ્મીજીએ કહ્યુ દેવરાજ, જ્યારે કોઈપણ પ્રજા સદાચાર અને પ્રમાણિકતા ખોઈ બેસે છે ત્યારે ત્યાંની ભૂમિ, જલ, અગ્નિ કોઈપણ વસ્તુ મને સ્થિર રાખી શકતી નથી. હું લોકશ્રી છું. જનહ્રદયમાં બેસવા માટે મારે સદાચારનું

સિંહાસન જોઈએ. વ્યક્તિના સદાચારી માનસમાં જ હું વાસ કરું છું.

આપણા ઘરમાં લક્ષ્મીજીનો વાસ કાયમ માટે જોઈતો હોય તો ઘરમાં સાત્વિકતા, પ્રમાણિકતા અને સદાચારનું વાતાવરણ પ્રસ્થાપિત કરવું જોઈએ. પ્રેમ, પુરુષાર્થ, પ્રમાણિકતા અને પ્રાર્થનો જ જીવનમંત્ર બનાવીએ તો જ લક્ષ્મીજીને આપણી સાથે રહેવું ગમશે. લક્ષ્મીજી નારાયણ સાથે સદાય આપણા ઘરમાં વાસ કરે તેવું સાત્વિક વાતાવરણ આપણે આપણા ઘરમાં અને પરિવારમાં પ્રસ્થાપિત કરવું જોઈએ.

**ૐ મા ૐ**

## (૮) સમયની પરખ

**અંક : ૪૧** **નવેમ્બર - ૦૬**

ક વખતે કહેલી વાત, ક વખતે કરેલું કામ, સાચું હોય, સારું હોય છતાં પણ પ્રસંશાને પાત્ર રહેતું નથી. વ્યક્તિ પાસે બુદ્ધિ, શક્તિ, શિક્ષણ બધું જ હોય પરંતુ સમય પારખવાની સૂઝ ન હોય તો અથાગ મહેનત કરવા છતાંય નિષ્ફળતા જ સાંપડે છે.

સમય પારખીને કામ કરતાં, વાત કરતાં, મૌન રહેતાં આવડે તે વ્યક્તિ જીવનના કોઈપણ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. સમયની સાથે સાથે શિસ્તના આગ્રહી બનવું જોઈએ. સમયને જે વ્યક્તિ પારખે છે, સમજે છે, એને કુશળતા ફળ પ્રાપ્ત થાય છે. યોગ્ય સમયે સમયને ઓળખતાં અને સમય વીતી ગયા પહેલાં એનો લાભ લેતાં, તકને ઝડપી લેતાં શીખી લઈએ તો જીવનની ઘણી સમસ્યાઓ હલ કરી શકાય. સરળ બનાવી શકાય. ક્યારે શું બોલવું, ક્યારે મૌન રહેવું, કયા પ્રકારનો વ્યવહાર કરવો એ જો આવડી જાય તો જીવનમાં સહેલાઈથી સફળ થઈ શકાય છે, સહુના આદરને પાત્ર બની શકાય છે.

ગૃહસ્થ જીવનમાં દરેક વ્યક્તિ, પતિ-પત્નિ સમય પારખીને પોતાનું કામ પ્રેમથી કરે છે તે પતિ-પત્નીનું દાંમ્પત્યજીવન સુખી અને સફળ નિવડે છે, ઘર નંદનવન બની શકે છે. પતિ-પત્ની એકબીજાની મનઃસ્થિતિ સમજવાનો પ્રયત્ન કરે, ફરિયાદ કરવી, માંગણી કરવી કે સ્નેહ કરવો તે સમય પારખીને કરે તો દામ્પત્ય જીવનમાં સુમેળ સાધી શકાય અને સ્નેહતંતુ મજબૂત બનાવી શકાય.

સમયની પરખની સાથે સાથે નિખાલસતા, આત્મસંયમ, દુરંદેશીપણું અને ધીરજની પણ આવશ્યકતા છે. સમય સમય વચ્ચેનો ફરક ઘણીવાર સફળતા અને નિષ્ફળતા વચ્ચેનો ફરક બની જાય છે. સમય વર્તે સાવધાન રહેવાની સૂઝ જો વ્યક્તિમાં હોય તો જિંદગીમાં સફળતા પ્રાપ્ત કરી શકાય છે.

૧. સમય પારખવાની સૂઝ એ પાયાની જરૂરિયાત છે, એ સફળતાની બુનિયાદ છે.

૨. કોઈપણ ઉશ્કેરણીજનક પ્રસંગે મનને સંયમમાં રાખવાનો દૃઢ સંકલ્પ કરવો જોઈએ. ઉશ્કેરાટ કે ઉતાવળમાં કામ પતાવવાની કે કામ પાર પાડવાની વૃત્તિ પણ ન રાખવી.

૩. આકરી ટીકા થતી હોય તે વખતે આત્મસંયમ જાળવી સમયને સાચવી લેવો. ગુસ્સો કરવો એ બહુ સહેલું છે પરંતુ યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિ પર, યોગ્ય માત્રામાં યોગ્ય

રીતે, અને યોગ્ય હેતુ માટે જ ગુસ્સો કરનાર વ્યક્તિ સ્વસ્થ રહી શકે છે.

૪. દૂરંદેશી વાપરી ભવિષ્યનો પ્લાન કરવો. ભવિષ્યમાં જે કંઈ ઘટિત થવાનું છે તેના મૂળ વર્તમાન સંજોગો અને પરિસ્થિતિ પર આધારિત છે. કૌટુંબિક, સામાજિક અને વ્યવસાયના ક્ષેત્રમાં દૂરંદેશી વાપરવાથી સફળતા મેળવી શકાય છે.

૫. ધીરજ રાખી ધૈર્ય ધરવું ધીરજના ફળ હંમેશા મીઠા હોય છે. ધીરજ એ ડહાપણ અને આત્મસંયમનો એક નાજુક સમન્વય છે. કોઈપણ કામમાં ધીરજ રાખી આરંભેલું કામ સફળતાનાં શિખર સર કરે છે ત્યારે જ પૂર્ણ થયેલું ગણી શકાય. સફળતા માટે ધીરજ, ડહાપણ, મહેનત અને આત્મસંયમ જરૂરી છે.

સમયની પરખ એ ડહાપણ, આત્મસંયમ, જાગૃતતા, ધૈર્ય, દુરંદેશીપણું અને કલ્પના આ બધા તત્ત્વોનો સમન્વય છે.

ૐ મા ૐ

## (૯) સત્તામાં સંસ્કારિતા છુપાયેલી છે....

**અંક : ૪૨** **ડિસેમ્બર - ०૬**

સંસારમાં દરેક વ્યક્તિને પોતાના વર્તુળમાં કે પોતાના કાર્યક્ષેત્રમાં ઓછી વત્તા સત્તા, પદ મળેલાં જ હોય છે. ઘર ગૃહસ્થીમાં માતા, પિતા, દાદા, દાદી, ભાઈ, બહેન વગેરે બનવાનું સૌભાગ્ય સાંપડતું હોય છે. આપણી સત્તા અને પદને અનુરૂપ વ્યવહાર ઘર ગૃહસ્થીમાં પ્રેમથી, આત્મીયતાથી કરીશું તો જ સંસારમાં સ્વર્ગની, સુખની રચના કરી શકીશું, આનંદનું, સહકારનું વાતાવરણ સર્જી શકીશું. ઘરની દરેક નાની મોટી વ્યક્તિમાં આત્મીયતાનો ભાવ જગાવવા માટે દરેક વ્યક્તિને મોકળાશ, હળવાશ અનુભવવા દો.

આપણને મળેલી સત્તાને, પદને શોભાવવાં હોય તો અધિકારના વિકાસની સાથે સાથે માનવતાનો વિકાસ થવો જોઈએ. જો માનવતાને બદલે પાશવતાનો વિકાસ થશે તો પદમાં સત્તામાં દવ લાગી જશે અને એક દિવસ તે બળીને ભસ્મ થઈ જશે. સત્તાની શોભા પદ કે પદવીમાં નથી પરંતુ સત્તામાં છુપાયેલી સંસ્કારિતા છે.

ઓફિસોમાં, પોતાના વ્યવસાય કે વેપારમાં જવાબદારીનો ઉંચો હોદ્દો સંભાળનાર અમલદારો કે માલિકો પોતાના વ્યવસાય, વેપારના વિકાસની સાથે સાથે કર્મચારીઓ, સહકાર્યકર્તાઓ સાથે જો નીચે દર્શાવ્યા પ્રમાણે વ્યવહાર - વર્તન કરે તો કર્મચારીઓમાં સંસ્કારનું સિંચન કરી શકે અને માનવતાની મહેંક પ્રસરાવી શકે.

૧. દરેક અમલદારે, વડીલે બને ત્યાં સુધી પોતાનું કામ જાતે જ કરવું જોઈએ. હાથમાં લીધેલું કામ પૂરું કરવા હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ. સમય, સુઘડતા અને શિસ્તના આગ્રહી બનવું જોઈએ.

૨. ઘર, ઓફિસ કે ધંધાના ક્ષેત્રમાં લાંચરૂશ્વત, ચમચાગીરીને પ્રવેશવા ન દો. આવી ક્ષુલ્લક આદતો વાતાવરણને અભડાવી ન જાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. પ્રમાણિકતાનો જ આગ્રહ રાખો અને પ્રમાણિક વ્યક્તિઓને પ્રોત્સાહન આપો. પ્રમાણિક અમલદારો જ

પોતાનો પ્રભાવ પાડી શકે છે. નિષ્પક્ષપાતી વલણ અપનાવવું જોઈએ.

૩. અમલદારો, વડીલો, માલિકોએ ક્યારેય કાચા કાનના બનવું જોઈએ નહિં. પોતાના આંખ અને કાન ખુલ્લા રાખવા જોઈએ. હ્રદયની વિશાળતા રાખવી જોઈએ. અંગત માણસોની વાતોમાં ભેરવાઈ  કે ભોળવાઈ જવાય નહિં તેનું ધ્યાન રાખવું જોઈએ.

૪. સાથી કર્મચારીઓ, આત્મીયજનોને સલાહ, સૂચન, માર્ગદર્શન કે ઠપકો આપવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો એકાંતમાં બોલાવી, પ્રેમથી સ્પષ્ટતાથી અને મક્કમતાથી જણાવવું, અને તે પ્રમાણે અનુસરવાનો આગ્રહ રાખવો.

૫. પૂર્વગ્રહો રાખ્યા વગર દરેક વ્યક્તિને તેના વર્તમાન કાર્ય, વર્તન અને કુશળતાની નોંધ લઈ તેને યોગ્ય ન્યાય આપવો જોઈએ.

જીવનના કોઈપણ ક્ષેત્રમાં વિકાસ કરવો હોય, સફળતા મેળવવી હોય તો આપણે ક્ષણે ક્ષણે જાગૃત રહેવું જોઈએ. વિવેક અને વિનયને જીવનના આભૂષણ બનાવવા જોઈએ.

**ૐ મા ૐ**

## (૧૦) જીવનને રસિક બનાવો

અંક - ૪૩ જાન્યુઆરી - ૨૦૦૭

મારી મુલાકાતે આવતા મુલાકાતીઓમાં મોટાભાગે મેં અનુભવ્યું છે કે, તેમને તેમના જીવનમાં જોઈએ એટલો ઊંડો રસ જ નથી હોતો. જીવનને ઢસરડો સમજીને જીવન-સમય વ્યતિત કરતાં હોય છે. આ રસના અભાવને કારણે જીવનમાં આવી પડતી ઝંઝાવાતો, મુશ્કેલીઓમાં તેઓ મૂંઝાઇ જાય છે. નાસીપાસ થઈ જાય છે. આવા અરસિક મુલાકાતીઓના જીવનમાં રસ ભરવાનું કાર્ય હું કરું છું. તેમને હું સહાનુભૂતિથી સાંભળું છું. ઉપાધિઓનો ઉભરો ઠલવાઈ જાય, એટલે મનમાં સ્વસ્થતા આવી જાય છે. મારું માર્ગદર્શન અને સધિયારો તેના આત્મવિશ્વાસમાં નવચેતના જાગૃત કરી આપે છે.

મારી તો આપ સર્વેને સ્વાનુભવના આધારે સલાહ છે કે જીવનમાં પરમાત્માને અગ્રસ્થાને રાખો, અને સજાગતા કેળવી સારી રીતે કામ કરવાના અને નિર્ણયો લેવાના નિયમો શીખી લો અને જીવનને રસિક બનાવો.

૧. કોઈપણ કામમાં - નિર્ણય લેવામાં આત્માના અવાજને અનુસરો. પ્રાર્થનાના માધ્યમ દ્વારા આત્માના અવાજને સાંભળો અને અનુસરો, આત્મવિશ્વાસ કેળવો, હકારાત્મક અભિગમ અપનાવો.

૨. કોઈપણ કામ ચોક્સાઈથી, સચ્ચાઈથી કરવાનો આગ્રહ રાખો.

૩. બધાંનો સહકાર મેળવવા પ્રયત્નો કરો.

૪. પરિણામની ચિંતા કર્યા વગર પુરુષાર્થને જ મહત્ત્વ આપો.

૫. અખંડ ધીરજ અને આત્મવિશ્વાસથી કાર્ય કરો.

૬. મન પર આળસનો કાટ ચડવા દેશો નહિ.

૭. કર્મઠ બનો, કર્મશીલ બનો.

૮. સંકલ્પ, હિંમત અને પુરુષાર્થનો સુમેળ સાધશો તો સદ્‌ભાગ્ય, સફળતા અને સમૃદ્ધ ચરણ ચૂમતી આવશે.

૯. સ્વાધ્યાય, સત્સંગ, નામ સ્મરણ, મંત્રજાપ મનના અવરોધોને અટકાવવામાં મદદ કરશે.

ૐ મા ૐ

## (૧૧) ઉદારતાનો ભાવ કેળવી

અંક : ૪૪ ફેબ્રુઆરી - ૦૭

દુઃખીઓના દિલનાં આંસુડાં લૂછવા. આ સૂત્રને અપનાવવાની ભાવના મનમાં જાગે છે અને તેનો તત્કાળ અમલ કરાય તે જ સાચી ઉદારતા. ઉદારતાના ગુણને વિકસાવવા માટે મનને વિશાળ બનાવવું પડે, 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના પ્રગટાવવી પડે. પરમની સૃષ્ટિના પ્રત્યેક જીવ માટે આત્મીયતાનો ભાવ જાગૃત કરવો જોઈએ.

સંપત્તિ અને સમૃદ્ધિ વ્યક્તિને ધનવાન બનાવી શકે પરંતુ દિલદાર, ઉદાર બનાવી શકે નહિં.

મનમાં ઉદારતા કેળવવી હોય તો પરદોષદર્શન બંધ કરવું જોઈએ. બીજાના દોષો, અવગુણો ન જુઓ. ઉચ્ચ આદર્શોને જ લક્ષમાં રાખી વિકાસના માર્ગે આગળ વધવું જોઈએ. પ્રાણીમાત્ર પર પ્રેમ અને અનુકંપા દર્શાવે, સમોવડિયા સાથે મિત્રતાથી વર્તે, નાનાઓ સાથે ઉદારતાથી, દયાથી, ક્ષમાભાવથી વર્તે, અહંતા અને મમતા રહિત, પારકાંના સુખે સુખી બને, ક્ષમાશીલ હોય તેવી વ્યક્તિ જ પ્રભુને પ્યારી લાગે છે.

કુદરતનો કાયદો છે કે તમે જગત પ્રત્યે જેટલા ઉદાર બનશો, કુદરત તમારા પ્રત્યે તેથી વિશેષ ઉદાર બનશે. ઉદારતામાં અલૌકિક આનંદ સમાયેલો છે. આપણને મળેલાં સુખશાંતિનો ઉપયોગ સર્વના ઉપભોગ માટે ઉપયોગમાં લેવાય તેમાં જ સાચી સાર્થકતા છે.

ઉદારતા પૈસા ખર્ચવાથી આવતી નથી. મનની સંકુચિત વૃત્તિ ત્યાગવામાં ઉદારતા છે. વધુ પૈસા ખર્ચે એ વધુ ઉદાર અને ઓછા ખર્ચે એ ઓછો ઉદાર એ માન્યતા ભૂલભરેલી છે. સમજપૂર્વક મદદ કરવામાં ઉદારતા છે.

બીજાને સુખે સુખી થવું અને દુઃખે દુઃખી થવું, બીજાને થવાય એટલા ઉપયોગી થવું, ગુણગ્રાહી બનવું, ક્ષમાનો ભાવ કેળવવો એમાં જ સાચી ઉદારતા છે.

તન, મન અને ધનના સમન્વયથી જ સંસારનું ચક્ર ચાલે છે. જગતને ઉપયોગી થવા માટે ઉદારતાનો ભાવ ખીલવવો જોઈએ.

આપણી હૈયારૂપી ખાણમાં ઉદારતાના ગુણો છુપાયેલા જ છે. આપણે તેને વિકસાવવાની જરૂર છે.

આપણે જગત પ્રત્યે ઉદાર બનીશું તો જગદીશ આપણા પર ઉદારતાનો વરસાદ વરસાવશે. હું અને મારું આવી સંકુચિત ભાવના જ મનુષ્યને સ્વાર્થી અને કંગાળ બનાવે છે.

અમે, અમારું આપણું આવી વિશાલ ભાવના જ હૃદયને ઉદાર બનાવે છે. પ્રભુએ આપેલાં

સુખ અને સંપત્તિ સર્વના ઉપયોગમાં આવે તેમાં જ સાચો આનંદ અને સાચી ઉદારતા છે અને ત્યારે જ તે સંપત્તિ અને સુખની સાર્થકતા છે. **ૐ મા ૐ**

## (૧૨) વાડ વગર વેલો ચડતો નથી...

અંક : ૪૫ માર્ચ - ૦૭

નિ:સ્વાર્થભાવે, કોઈપણ જાતની અપેક્ષા વગર, બદલાની કે વળતરની ભાવના વગર કોઈપણ જરૂરિયાતવાળી વ્યક્તિને મદદ કરવી તેને ઉપકાર કે પરોપકાર કહેવાય.

આપણામાં એક કહેવત છે કે, **" વાડ વગર વેલો ચડતો નથી"** દરેક વ્યક્તિના વિકાસમાં, પ્રગતિમાં અમુક વ્યક્તિઓનો સાથ, સહકાર, માર્ગદર્શન તો હોય છે જ. આત્મશુધ્ધિ અથવા પરોપકાર એ તો દરેક વ્યક્તિનું કર્તવ્ય છે. આપણા ઉપર કોઈએ ઉપકાર કર્યો હોય તો તે વ્યક્તિ ઉપર સમય આવ્યે ઉપકાર કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. બાળકોના ઉછેરમાં અને જીવન વિકાસમાં માતાપિતા અને વડીલોનો ઉપકાર અગણિત, અવર્ણનીય હોય છે. આ માતાપિતા અને વડીલોની વૃધ્ધાવસ્થાએ તેમની સેવા સુશ્રૂષા કરવી એ બાળકોની ફરજ થઈ પડે છે. ઉપકારની ભાવના ત્યારે જ વિકાસ પામે. ઉંમરલાયક બાળકો જો ઉપકારની ભાવના રાખે તો વૃધ્ધાશ્રમોની જરૂર રહે નહિ. આપણી પ્રગતિમાં જેઓ પગથિયાંરૂપ બન્યાં હોય તેમને તો કદાપિ ભૂલવા ન જોઈએ. સમય આવ્યે તેમનું ઋણ ચૂકવવું જ જોઈએ.

ઉપકારનો જો વિક્રય થાય તો તે ઉપકાર ન કહેવાય. રણમેદાનમાં રાણી કૈકેયીએ દશરથ રાજાના રથનું પૈડું બચાવી તેમના ઉપર ઉપકાર કર્યો હતો અને રાજાએ રાણીને બે વરદાન આપ્યા હતા. રાણીએ તરત વરદાન માંગ્યાં નહિ ત્યાં સુધી રાજાના દિલમાં રાણીના ઉપકારની સુવાસ રહી, પરંતુ જ્યારે રાણીએ ઉપકાર વટાવીને બે વરદાન માંગ્યાં ત્યારે તે ઉપકારનું સૌંદર્ય કરમાઈ ગયું અને રાણી તિરસ્કારને પાત્ર બની.

ઉપકાર એ તો દિલના સંસ્મરણો સંઘરી રાખવા જેવું અમૂલ્ય સંભારણું છે. ઉપકાર એ તો લાજવંતીના છોડ જેવો છે. લાજવંતીના છોડને અડીએ તો એ કરમાઈ જાય છે તેવી જ રીતે ઉપકારનો બદલો લેવામાં આવે ત્યારે તે કરમાઈ જાય છે.

ઈશ્વરે આપણા ઉપર કેટલા ઉપકાર કર્યા છે. આપણે ઈશ્વરના ઉપકારોને કદીય ભૂલવા જોઈએ નહિ. ઈશ્વરની સૃષ્ટિના પ્રત્યેક સર્જનને તન, મન, ધનથી યથા શક્તિ મદદરૂપ થવાની ભાવના હંમેશા રાખવી જોઈએ. પ્રતિકૂળ સંજોગોમાં જેણે જેણે આપણને મદદ કરી હોય તેને સતત સ્મરણમાં રાખવાં જોઈએ, સમય આવે ત્યારે મદદ કરવા કટિબધ્ધ રહેવું જોઈએ.

આપણે જેમ બીજાના સાથ સહકારથી આગળ વધ્યા છીએ તેમ આપણા સાથ સહકારની અન્યને પણ જરૂર છે. ઉપર ચઢવા માટે બીજાએ આપણો હાથ પકડ્યો તો આપણે પણ બીજાને ઉપર ચઢાવવા માટે તેનો હાથ પકડવો જોઈએ. એમાં જ સાચી માનવતા છે. ઉપકાર કરવાની વૃત્તિ જેમ જેમ વિકસાવીશું તેમ તેમ જીવનમાં સુખશાંતિનો અનુભવ થતો રહેશે. ૐમાૐ

# પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો સેવાયજ્ઞ

| તારીખ | વાર | સમય | સ્થળ | આયોજક | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૧૨-૫-૨૦૦૭ | શનિવાર | ૪ થી ૬ | ૯ ઑલ્ફીન સ્ટ્રીટ લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૧૩-૫-૨૦૦૭ | રવિવાર | ૪ થી ૬ | ૯ ઑલ્ફીન સ્ટ્રીટ લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૧૯-૫-૨૦૦૭ | શનિવાર | ૪ થી ૬ | વેમ્બલી લંડન | સુશીલાબેન પોપટ | ૦૨૦૮-૯૦૨૩૦૨૯ |
| ૨૦-૫-૨૦૦૭ | રવિવાર | ૪ થી ૭ | વેમ્બલી લંડન | સુશીલાબેન પોપટ | ૦૨૦૮-૯૦૨૩૦૨૯ |
| ૨૬-૫-૨૦૦૭ | શનિવાર | ૩ થી ૫ | બ્રેડફોડ | મણીબેન પટેલ | ૦૧૨૭-૪૫૦૨૬૬૫ |
| ૨૭-૫-૨૦૦૭ | રવિવાર | ૪ થી ૬ | ૯ ઑલ્ફીન સ્ટ્રીટ લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |

## સમાચાર

**: ઉત્સવ ઉજવણી :**

## ગુરુપૂર્ણિમા

**તારીખ : ૨૯-૦૭-૨૦૦૭ રવિવાર**

**સમય :** સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ અને સાંજે ૪-૦૦ થી ૬-૦૦ વાગ્યા સુધી.

## માનવતાદિન

**તારીખ : ૦૭-૦૯-૨૦૦૭ શનિવાર**

**સમય :** સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ અને સાંજે ૪-૦૦ થી ૬-૦૦ વાગ્યા સુધી.

**-: ઉત્સવ - ઉજવણી સ્થળ :**

શ્રી દેશી લોહાણા વિદ્યાર્થી ભવન, વ્યાયામ શાળા પાછળ, ફૂટબોલ ગ્રાઉન્ડ સામે,
કાંકરીયા મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૨૨.

## નવરાત્રિ

**તારીખ : ૧૨-૧૦-૨૦૦૭ રવિવારથી નવ દિવસ આસો નવરાત્રિ છે.**
**અનુષ્ઠાન તેમજ વિશિષ્ઠ ઉપાસના કરતા ભાવિકોને પૂજ્યશ્રી આશીર્વાદ પાઠવે છે.**

**નિલોષા - પૂજ્યશ્રીનો કાર્યયજ્ઞ બંધ રહેશે.**

**તા. ૧૩-૪-૨૦૦૭ થી ૧૭-૬-૨૦૦૭**

**નિલોષા - પૂજ્યશ્રીનો કાર્યયજ્ઞ ચાલુ થશે.**

**તા. ૧૮-૬-૨૦૦૭ સોમવારથી**